
# મહાન મંદિર, મહાન માનવી



— મુનિ શ્રી વાત્સલ્યદીપ

શ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશન : પુસ્તક બારમું

# મહાન મંદિર, મહાન માનવી



પૂજ્ય મુનિ શ્રી વાત્સલ્યદીપ

પ.પૂ.આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય
પૂ. મુનિશ્રી પ્રેમપ્રભસાગરજી મ.
"મુનિ વાત્સલ્યદીપ" લિખિત તીર્થકથા

# 'મહાન મંદિર, મહાન માનવી'

(સચિત્ર સળંગ વાર્તા)

વિ. સં. ૨૦૫૩
ઈસ્વીસન્ ૧૯૯૭

| | | |
|---|---|---|
| ● પ્રત : ૨,૦૦૦ | મૂલ્ય રૂા. ૨૦/- | ● ચિત્ર : શ્રી જય પંચોલી |

● પ્રકાશક ●

શ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશન (રજી.નં. એ/૩૪૦૦)
૭, રૂપમાધુરી સોસાયટી, સંઘવી રેલ્વે ક્રોસીંગ પાસે,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

## અનુક્રમણિકા

| | |
|---|---|
| ઝંકાર | ૧ |
| નેઢ અને વિમળ | ૬ |
| સંસારની દિશા | ૧૩ |
| પરાક્રમ | ૨૨ |
| કર્તવ્ય મહાન | ૨૮ |
| રાજ્યના કાવાદાવા | ૩૯ |
| આ છોડ્યું પાટણ | ૪૫ |
| દેરું, દીકરો નહીં | ૫૭ |
| ભક્તિની વિરાટ ઊંચાઇ | ૬૩ |
| વિમલવસહી | ૭૦ |
| પ્રશસ્તિ | ૮૧ |

મુદ્રક : ભરત ગ્રાફિક્સ, ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ,
અમદાવાદ-૧. ● ફોન : ૩૮૭૯૬૪

તારે તે તીર્થ, તારક તે તીર્થંકર

# પ્રસંગમાંથી પ્રેરણા

ધર્મપ્રિય સ્વજન,

પરમોપકારી શ્રી બાગમલભાઈ મંગળજી મહેતા તથા
પરમોપકારી શ્રી શાંતિલાલ લાલભાઈ મહેતા તથા પ્રેરણામૂર્તિ
શ્રી સમીરભાઈ શાંતિલાલ મહેતાની પુણ્યસ્મૃતિમાં
આ પ્રેરક તીર્થકથા આપને,
ધર્મયાત્રાના પાવન પંથે સહયોગી બની રહો તેવી
શુભેચ્છાપૂર્વક સમર્પિત કરીએ છીએ.

લિ. ગુરુભક્ત
શ્રી રાજેશ બાગમલ મહેતા
શ્રી સ્મિતા રાજેશભાઈ મહેતા
મુંબઈ

# ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની ગૌરવપૂર્ણ કીર્તિગાથા

ભારતીય સંસ્કૃતિની જેમ ગુજરાતની સંસ્કૃતિ પણ વિવિધ ધર્મ-સંપ્રદાયોના રંગે રંગાયેલી છે, એમાં જૈનધર્મનો રંગ અનેરો અને વિશિષ્ટ છે. ગુજરાતના ઈતિહાસમાં સોલંકીકાલમાં માહેશ્વર સંપ્રદાય અને જૈનધર્મ તેમના વિકાસની ટોચ ઉપર હતા. જૈનધર્મે સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલ જેવા રાજવીઓની ભેટ ધરી તો બીજી બાજુ વિમલશાહ, વસ્તુપાલ-તેજપાલ જેવા અમાત્યોની પણ ભેટ ધરી. સોલંકીકાલની સર્વોત્તમ ભેટ તે કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્ર છે. તેમણે સિદ્ધરાજ જયસિંહની પ્રેરણાથી 'સિદ્ધહૈમશબ્દાનુશાસન' નામનો પ્રાકૃત વ્યાકરણનો ગ્રંથ રચ્યો. આ ગ્રંથને પાટણમાં હાથીની સોનાની અંબાડી પર મૂકીને તેનું બહુમાન કરવામાં આવ્યું હતું. સોલંકીકાલ એટલે જ શ્રી અને સરસ્વતીનો સમન્વય! સોલંકી રાજવીઓ અને અમાત્યો જેટલા ધર્મપ્રેમી હતા એટલા જ કલાપ્રેમી પણ હતા. પાટણ, સિદ્ધપુર વડનગર, તારંગા, અર્બુદાચલના ઐતિહાસિક સ્મારકો (Historical Monuments) આ વાતની સાક્ષી પૂરે છે.

મુનિ વાત્સલ્યદીપે કવિ લાવણ્યસમયકૃત વિમલપ્રબંધનો આધાર લઈને **'મહાન મંદિર, મહાન માનવી'**માં વિમલ મંત્રીની કથા રોચક શૈલીમાં આલેખી છે. વિમળ અને નેઢ જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પદ અને પ્રતિષ્ઠા કઇ રીતે મેળવ્યાં તેની વિગતો શરૂઆતનાં પ્રકરણોમાંઆપેલી છે. સિંધના હમીર સુમરાને વિમળે બહાદુરીપૂર્વક કેવી રીતે હરાવ્યો અને પાટણની પ્રજાનો જય જયકાર મેળવ્યો તે શૌર્યકથા પણ પ્રેરણા આપે એવી છે. વિમળશાહ કુશળ તીરંદાજ નહીં પણ મલ્લવિદ્યામાં પણ પાવરધા હતા એની વિગતો મુનિ વાત્સલ્યદીપે વાચકને થથરાવે એવી સરળ શૈલીમાં આલેખી છે.

વિધિની વિચિત્રતા એ હતી કે વિમળને અને શ્રીદેવીને લાંબા અને સુખી લગ્નજીવન બાદ સંતાનપ્રાપ્તિ થઇ ન હતી. આ માટે અંબાજીની આરાધના

કરી અને પ્રસન્ન દેવીએ વરદાન માગવા જણાવ્યું: દેરું કાં દીકરો. એક દિવસ આબુ પહાડનું અઘરું ચઢાણ ચઢીને તરસ લાગવાથી વિમળ સરોવરના કિનારે પાણી પીવા ગયો. સરોવર બંધાવનારના પુત્રે પાણી પીવાના દામ માગ્યા. વિમળે પેલા કિશોરને પાણીના દામ કેમ માગે છે. એવો પ્રશ્ન કર્યો ત્યારે તેણે કહ્યું: 'મારા પિતાને પૈસા ઉડાવતા આવડતું હતું એટલે સરોવર બનાવ્યું ને અમારે ભીખ માગવાના દિવસો આવ્યા છે. એટલે પાણીના પૈસા લઈએ છીએ' ઉત્તર સાંભળીને વિમળની આંખ ખૂલી ગઈ ! વિમળે અને તેની પત્ની શ્રીદેવીએ તત્કાલ નિર્ણય કરી લીધો કે મા અંબિકા પાસે દેરું માગીશું દીકરો નહીં. આ કથાનક પણ ઘણું પ્રેરણાદાયી છે.

વિમળે આબુ પર્વત પર 'વિમળવસહીં' નામનું પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથનું દહેરું બંધાવ્યું. શિલ્પી કીર્તિધર અને તેના સાથી સલાટોએ આ કલાત્મક મંદિરનું નિર્માણ કર્યું. મંદિર બાંધતાં ૧૪ વર્ષ લાગ્યાં પણ તે ગુજરાતની સ્થાપત્ય અને શિલ્પકલાનો ઉત્તમ નમૂનો બની ગયું. શિલ્પીઓએ આરસમાં મીણમાં કોતરકામ કર્યું હોય તેવું સૂક્ષ્મ કોતરકામ કર્યું છે. ગુજરાતનાં જ નહીં પણ સમગ્ર ભારતવર્ષના જિનમંદિરોમાં આબુનું 'વિમલવસહી' કલાકારીગરીની દૃષ્ટિએ માનભર્યું સ્થાન ધરાવે છે.

આ પુસ્તકમાં મુનિ શ્રી વાત્સલ્યદીપે ધનનો ઉપયોગ લોકકલ્યાણ માટે કેમ કરવો તેની કથા દંડનાયક વિમલ દ્વારા કહી છે. આ ઉત્તમ કથાનક જિજ્ઞાસુ વાચકો સમક્ષ મૂકવા માટે તેઓને આદરપૂર્વક અભિનંદનો. તેઓની કલમ દ્વારા વધુને વધુ પ્રેરણાદાયી સાહિત્ય મળતું રહે એવી જિનેશ્વર ભગવાનને પ્રાર્થના.

સોમવાર
૭મી મે, ૧૯૯૭
અમદાવાદ-૯

**-ડૉ. ચીનુભાઈ નાયક**

ૐ અર્હમ્

# તીર્થકથા

પ્રિય વાચક,

ધર્મલાભ.

ધર્મબોધ કરવા માટે કથા કહેવી એ સર્વોત્તમ ઉપાય છે. ધર્મના સંસ્કાર ટકાવવા માટે તીર્થયાત્રા કરવી એ સર્વોત્તમ ઉપાય છે. આ એક તીર્થકથા છે જેનાથી તને ધર્મના સંસ્કાર મળશે અને ધર્મના સંસ્કારનું તારા જીવનમાં સંવર્ધન થશે, તેવી મને નિર્મળ આશા છે. દીક્ષાના પહેલા વર્ષે જે સૌ પ્રથમ પુસ્તિકા વાંચેલી તે મંત્રીશ્વર વિમળશાહની જીવનકથા જ હતી અને ત્યારથી એ વાર્તાની છાયા મનમાં એવી બંધાયેલી જેવી આજે પુસ્તકરૂપે તારા હાથમાં છે.

ભારતીય સંસ્કૃતિમાં મંદિર અને મૂર્તિ અવિભાજ્ય અંગો છે અથવા તો એમ કહી શકાય કે એનાથી જ આ સંસ્કૃતિ ઘડાય છે. માનવમનના પ્રક્ષાલનનું કાર્ય તીર્થયાત્રા દ્વારા નિરંતર થતું જ રહ્યું છે. યુગોયુગોથી આ વાત સમજીને પૂર્વ સૂરિઓએ તીર્થ નિર્માણનો નિરંતર ઉપદેશ આપ્યો છે, તીર્થ નિર્માણ થતા પણ રહ્યા છે. આ કથાના મૂળમાં પણ આવી જ એક ભાવના છે. રાજકીય ખટપટોની વચમાં મંત્રી વિમળશા અને તેની પત્નિ શ્રીદેવીએ જે સંસ્કારો પ્રાપ્ત કરેલા તેનો નિખાર એવા સ્વરૂપે થયો કે જે આજે 'વિમળવસહી'ના જ્યોતિર્મય જૈન મંદિરના રૂપમાં વિદ્યમાન છે. આજે પણ પ્રતિવર્ષ હજારો યાત્રિકો ત્યાં દર્શનાર્થે જાય છે. જૈન ઇતિહાસની એ કમનસીબી છે કે તેમાં સંપૂર્ણ વિગતો ક્યાંય ઉપલબ્ધ થાય નહીં, આ મહાન મંદિરની પ્રતિષ્ઠાની તિથિ પણ મળતી નથી.

જિનભક્તિ સંસારસમુદ્ર તરવાનું શ્રેષ્ઠ સાધન છે. આ તીર્થકથા તારા હૃદયમાં ધર્મસંસ્કારનું વાવેતર કરે તેવી મારી શુભકામના છે.

**- મુનિ વાત્સલ્યદીપ**

## અચૂક વસાવવા જેવું સંસ્કારવર્ધક સાહિત્ય

### પૂજ્યશ્રી વાત્સલ્યદીપનાં પુસ્તકો

**ચિંતન:**
- રાતગઈ, હવે જાગો (૧૯૮૦)
- ગાતાં ગુલમહોર (૧૯૭૭)
- તુમ ચંદન, હમ પાની (૧૯૯૨)
- બોધસૂત્ર (૧૯૯૩)
- પર્યુષણ (૧૯૮૧)

**પ્રવચન:**
- જૈન ધર્મ અને ગીતાધર્મ (૧૯૮૬)
- ભવનો ભય (૧૯૮૮)

**ધર્મ:**
- જૈન ધર્મ (૧૯૯૩)
- જૈનીઝમ (૧૯૯૭)


**વાર્તા :**
- ઝાકળ બન્યું મોતી (૧૯૭૭)
- ઓસ બના મોતી (૧૯૭૯)
- રણથી ઝરણ (૧૯૮૦)
- મેઘધનુષની માયા (૧૯૯૧)
- એક ખોબો ઝાકળ (૧૯૯૧)
- ભીતર સૂરજ હજાર (૧૯૯૨)
- કોઈ ડાળી, કોઈ ફૂલ (૧૯૯૨)
- જૈન સ્ટોરીઝ ફ્રોમ મુનિ વાત્સલ્યદીપ (૧૯૯૩)
- સુવિચાર (૧૯૯૩)
- આકાશને દરવાજે સૂરજ (૧૯૯૫)
- ધરતીના દરિયા પર (૧૯૯૫)

**સર્જન અંક:**
- સુવિચાર (૧૯૯૩)
- સુઘોષા (૧૯૯૬)
- દુર્લભ ધર્મ (૧૯૯૭)

**જીવનચરિત્ર :**
- મહાનમંદિર, મહાન માનવી (૧૯૯૭)

**સંશોધન :**
- કથા છત્રીસી (૧૯૯૪)
- જૈન સાહિત્ય એક છબી (૧૯૯૩)

**પ્રાપ્તિસ્થાન**
- **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય** : ફુવારા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ.
- **સુઘોષા કાર્યાલય** : શેખનો પાડો, ઝવેરીવાડની સામે, રિલીફ રોડ, અમદાવાદ-૧. ફોન : ૩૮૧૪૧૮
- **નવભારત સાહિત્ય મંદિર** : જૈન દેરાસર પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. તથા ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.




સમય ક્યારેક મધુર બંસીવાદન કરે છે ત્યારે ધરતીના ખોળે ભવ્યતાનો ઝંકાર સંભળાય છે, અને એ મધુરરવ સાંભળવા ઈતિહાસ હંમેશાં કર્ણદ્વય માંડીને બેસે છે.

એવો કલરવ આજથી સેંકડો વર્ષો પૂર્વે ગૂર્જરગિરાએ સાંભળ્યો ને તેમાંથી ધરતી, માનવી ને પંખી ઓવારણાં લેવા પ્રેરાય તેવી એક મહાન કથાએ અમીટ આકાશી રંગ સર્જી દીધો.


ભારતની સુજલામ્, સુફલામ્ ધરતી હંમેશા વિદેશી તાંડવથી ગ્રસ્ત રહી, છતાં; એ સોનાની ધરતીની ભવ્યતા કદી ઝાંખી ન થઈ: ગઝનીના મહમૂદ સુલતાનના ટર્કી ઘોડાઓ આ ભૂમિને પંદર વખત લૂંટી ગયા હતાં, મંદિરો તોડી ગયા હતા, સ્ત્રીઓ ઊઠાવી ગયા હતા ને એ સત્તર યુદ્ધોનો થાક અખંડ

હોવા છતાં મહમૂદ ગઝની ફરી આવી રહ્યો હતો. ભારત એને માટે સોનાના ઈંડા મૂકતી મરઘી જેવો દેશ હતો.

એ વખતની આ વાત. ગૂર્જરની રાજધાની હતી અણહિલપુર પત્તન નગરી. આજે એ પાટણના નામે વિખ્યાત છે. સરસ્વતી નદીના શાંત જળ જેની પૂર્વમાં વહે છે, એવું પાટણ બે સદી પૂર્વે વસી ગયેલું. પાટણના પાયા નાંખનાર વીરનર વનરાજ સૈકા ઉપરનું આયુષ્ય ભોગવીને વિદાય થયા હતા. એમના પછી ૧૫૦ વર્ષે મૂળરાજ ચાવડા ગાદીએ આવ્યો. એણે ઈતિહાસને પાને અપકીર્તિ મેળવી. પછી આવ્યો ચામુંડરાય. પછી વલ્લભરાય, પછી દુર્લભરાજ. એણે બાર વર્ષ સિંહાસન શોભાવ્યું.

એ પછી આજે ચાલતું હતું શાસન રાજા ભીમદેવનું. એ 'ભીમ બાણાવળી' કે 'ભીમ પહેલો'ના નામે ખ્યાત છે. જેવો એ અભિમાની, એવો એ સરળ. બાણ ફેંકવામાં જબરો નિષ્ણાત. સૌ એને ભીમ બાણાવળી તરીકે જ જાણે. એ કાળે એની હાક વાગે.

અણહિલપુર પત્તન, પાટણ, ઈતિહાસના પાને સુંદર નગરી ગણાઈ તે આ કાળથી.



શસ્ત્ર, સૌંદર્ય ને સુવર્ણની એ નગરી. મંદિરો, જળાશયો ને ધનિકોની એ નગરી. મા સરસ્વતીનું નામ ઊજાળે તેવા વિદ્વદ્જનો અને કલાપુરુષો અહીં વસે.

કથાનાયક વિમળશાહ આ પાટણમાં જન્મ્યા.

વિમળશાહના પૂર્વજો મૂળ શ્રીમાળના. શ્રીમાળ તે આજનું ભિન્નમાળ, પણ એમના કોઈ વડીલ 'નીના' નામે થયા; એ ગુજરાતના ગાંભુ ગામે વસ્યા. ધન અને સુખ બન્ને અહીં તેમને મળ્યાં. નીનાને લહિર નામે પુત્ર થયો. એણે પણ શ્રી અને સરસ્વતી મેળવ્યાં.

આ પિતા-પુત્રને પાટણ સ્થાપક રાજા વનરાજ પાટણ તેડી લાવેલો. એ માનવપારખુ ઝવેરી હતો. પિતા-પુત્રની જોડીએ રાજને સમૃદ્ધ કર્યું, દેશે-દેશે કીર્તિ આપી. વીર વનરાજ એમના પર પ્રસન્ન હતો. 'સંડસ્થલી' નામનું ગામ એણે ભેટ આપ્યું.

સમય વહેતો હતો.


ચાવડા રાજ ગયું ને સોલંકીશાસન આવ્યું. પણ આ કુટુંબ રાજભક્ત હતું. એમનું સ્થાન અવિચળ રહ્યું. એમના વંશમાં 'વીર' નામે એક પરાક્રમીનો જન્મ થયો. તે રાજા

મૂળરાજના મંત્રી થયા. એમણે ય યુદ્ધો ખેલ્યાં, ધન ઊપાર્જ્યું, નામના મેળવી.

જ્યારે પાટણપતિ દુર્લભરાજ દેહત્યાગ માટે શુક્લતીર્થ ભણી ચાલી નીકળ્યા, ત્યારે; વીરમંત્રીએ પણ પોતાની ગુણવાન પત્ની વીરમતીને પોતાનાં બન્ને પુત્રો 'નેઢ' અને 'વિમળ' ભળાવ્યા, પોતે આત્મકલ્યાણી દીક્ષા લીધી.

સુભગ સલિલા સરિતા સરસ્વતીના શીતળજળ પાટણને પ્રક્ષાલન કરે છે. પાટણમાં ભીમબાણાવળીના નામની શહનાઈ ગુંજે છે.

એ સમયે આપણી કથા આકાશમાં સુવર્ણનાં પગલાં પાડતી પ્રારંભાય છે.




પાટણની શેરીઓમાં બન્ને કિશોરોનાં પરાક્રમ લોકજીભે ચડવા માંડ્યા હતા.

નેઢ અને વિમળ ચોતરફ ઘૂમતા, રમતો રમતા.

માતા વીરમતીની ચિંતાને હદ નહોતી. વિશાળ ઘરમાં એ એકલી પડી ગઈ હતી. પતિએ દીક્ષા લીધા પછી એની જવાબદારીઓ આપોઆપ વધી ગઈ હતી. આવક રહી નહોતી, જૂની મૂડીમાં જીવન વીતાવવાનું હતું. પુત્રોના અભ્યાસ અને સંસ્કારની ખેવના કરવાની હતી.

વીરમતી એકાંતમાં આંસુ સારી લેતી. બન્ને પુત્રો જુવાન થાય ને કમાય ત્યારે ખરું. પણ એ પૂર્વે, એમના યોગક્ષેમની ચિંતા કરવાની છે. નેઢ અને વિમળ સમજુ હતા પણ હજી નાના હતા: એમની આંખે ચડ્યા

વિના વીરમતી રડી પડતી અને એની ઉલઝન અનહદ બની જતી. રાજના કારભારીઓની આંખે પુત્રોના પરાક્રમ આવી ગયા હતા. એ દ્વેષ કરવા માંડ્યા હતા. બન્ને કુમારોની કોઈ પ્રગતિ થાય, એવું એ ઈચ્છતા નહોતા.

વીરમતીની મૂંઝવણના મૂળમાં આ વાત પણ હતી: આ તો રાજના કાવા-દાવા ! ક્યારે કોનાં ખૂન થાય ને ઢીમ ઢળી જાય તેની ખબરે ય ન પડે !

પણ રે ! વીરમતી એકલી મૂંઝાતી ને વિમાસણ અનુભવતી રહેતી. આ વાત કરવી કોની સાથે ? પુત્રોની ઉંમર આવી ગંભીર વાત માટે નાની પડતી હતી ને આવા સ્વાર્થી સમયમાં સાચી સલાહ આપેય કોણ ?

એકદા વીરમતીએ જાતે નિર્ણય કરી લીધો.

એણે વિશાળ ઘર વેચી નાંખ્યું, જે રકમ હતી તે બધી ભેગી કરી લીધી ને એક સુંદર પ્રભાતે થોડી વસ્તુની પોટલી બાંધીને બન્ને કિશોરો સાથે એણે પાટણનો ત્યાગ કર્યો.



વિમળ અને નેઢને સમજાતું નહોતું કે શું બની રહ્યું છે ? વિમળ માતા વીરમતીનો સાળુ પકડીને પછવાડે દોડતો હતો:

'મા, કહેને, આપણે ક્યાં જઈએ છીએ?'

'મામાને ઘેર'.

'કેમ ?'

માતાએ પરાણે આંસુ રોક્યા: 'હવે આપણે ત્યાં રહેવાનું છે !'

'સરસ.' વિમળનું બાળમન નાચી રહ્યું: 'કેવી મઝા આવશે !'

'પણ....' વિમળ વળી કંઈક બોલવા ગયો ને ખચકાયો. શું બોલવું તે તેને સૂઝ્યું નહિ. વીરમતીએ પૂછ્યું,

'બેટા, શું કહેતો હતો ?'

વિમળની નાની આંખોમાં કંઈક ન સમજાય તેવું ઉપસી આવ્યુ: 'મેં શ્રીદેવીને કહી દીધું હોત તો સારૂં થાત ને ! એ આજે રમવામાં રાહ જોશે !'

'ઓહ !' વીરમતીએ મૌન પાળ્યું. એ ચાલતી રહી. શ્રીદેવી વિમળની બાળસખી હતી. એની ભોળી આંખો, રમતીયાળ મુખમુદ્રા ! વીરમતીને પણ એ કન્યા પ્રિય હતી. કેવી તદ્દન નાનકડી પણ મઝાની છે એ !

પાટણ છોડતી વખતે વીરમતી પગલે પગલે આંસુ ખાળતી હતી. કેવા સુંદર વર્ષો પાટણમાં વીતાવ્યા ! રાજનું મંત્રીપદ, સુખથી છલકાતું જીવન ને લોકોની વાહ વાહનો સંગાથ ! આજે ક્યાં હતું આ બધું ? આજે તો કોઈ 'આવજો' કહેનાર પણ ક્યાં હતું ?

નદીના કિનારે, જંગલને પેલે પાર વીરમતીનો ભાઈ એક નાના ગામડામાં રહેતો હતો. નાનું ખેતર ને બે ગાયો એની મૂડી. માંડ માંડ એ નિર્વાહ કરતો. પણ, બહેન પોતાને ત્યાં આવી તેનો હર્ષ એને માતો નહોતો : વીરમતીએ સઘળી સંપત્તિ ભાઈને સોંપી ને ભાભી સાથે પરિવારમાં દૂધમાં સાકરની જેમ ભળી ગઈ !

કેટલોક કાળ વીત્યો.

નેઢ અને વિમળ ચોતરફ ઘૂમતા હતા. નાના ગામમાં જેવી મળી તેવી અભ્યાસની વ્યવસ્થામાં એ થોડું-ઘણું શીખ્યા હતા. કિંતુ વધુ તો એ ઘૂમતા રહેતા. તીર-કામઠાં ચલાવવામાં વિમળ એક્કો હતો. એ ગામના સરખેસરખા જુવાનોની એણે ટોળી જમાવી હતી. વિમળનું તીર અચૂક ગણાતું. એણે મિત્રોને કહેલું:

'જો સામે પાણી ભરવા જતી પનિહારીના ડાબા કાને લટકતું લટકણીયું વીંધી નાંખું છું !'

' ના ! મિત્રોએ ચીસ પાડેલી.

વિમળ ચમકેલો: 'કેમ ?'

'અરે વાગી જશે તો ?'

'જો તો ખરો !' -અને વિમળે નિશાન તાક્યું: એ પનિહારીના કુંડળને છેદીને દોડી ગયું ને પેલી કન્યાને જાણ પણ ન થઈ !

બધે વાહ વાહ થઈ ગઈ.

વિમળના મિત્રોએ મા વીરમતીને કહ્યું: 'મા, હવે વિમળને પરણાવી દેવો જોઈએ !'

'પણ !' વીરમતી ખસીયાણી પડી ગઈ: 'ભાઈ, એને પરણાવવા માટે ધન ક્યાં છે ?'

વીરમતીની ચિંતા અવિરામ ચાલુ હતી. ભાઈને સોંપેલું ધન પૂરું થવા આવ્યું હતું. પુત્રો ઘૂમ્યાં કરતા હતા. કાલ સવારે કોઈ અવસર આવશે ત્યારે શું થશે એની ફિકરમાં વીરમતી અર્ધી થઈ જતી હતી. એકદા વીરમતીએ નેઢ અને વિમળને કહ્યું :

'જુઓ બેટા ! તમે જુવાન થયા છો, હવે મામાને મદદગાર થાવ. હું તો આજે છું ને કાલે નથી. જવાબદારીથી જીવવું જોઈએ.'

નેઢ અને વિમળે હામી ભરી. એમણે ગાયોને ચરાવવા માંડી, ખેતર ખેડવા માંડ્યું.

સમય એની સરગમ વગાડતો હતો.




નદીનો કિનારો ને જંગલની શીળી છાયાં: એની નિશ્રામાં નાનકડું ગામ. પ્રભાત પ્રગટે ને કોયલના ટહૂકાથી ગામ જાગી જાય ને સંધ્યાટાણે મંદિરમાં રણકતી ઝાલરથી ગામ જંપી જાય.

મહેનતકશ માનવીઓ ને ઉત્સાહી જુવાનોથી ગામ સુખી હતું ને સંપથી જીવતું હતું. નેઢ અને વિમળ એ ગામમાં સુખથી રહે. માતા વીરમતી અને મામાનું કહ્યું કરે.

વીરમતી જ્યારથી એ ગામમાં આવી ત્યારથી એને ભગવાન જિનેશ્વરદેવના દર્શનથી વંચિત રહેવાનું થાય ને એથી એ નારાજ રહે. પુત્રો આ જાણે. નેઢ અને વિમળ એક ચિતારા પાસે નિયમિત જાય, એની ચિત્રકળા નિહાળે, એની પાસે નેઢ ચિત્રકામ શીખે. વિમળ એ જોઈને ખુશ થાય. એ કહે કે 'નેઢ, તું ચિત્રકાર થઈ જાય તો ભલે, ને ચોપડા ચીતરે તો ય

ભલે. આપણું કામ તો ધનુષ ઉઠાવવાનું ને બાણ ફેંકવાનું બીજું મને ન ફાવે.'

નેઢ આ સાંભળીને હસી પડે. એ ભોળા વિમળને હૃદયથી સમજે.

નેઢને માતાની ભાવનાની જાણ હતી. એણે સુંદર તૈલચિત્ર દોર્યું: ભગવાન આદિનાથ ધ્યાનસ્થ મુદ્રામાં બેઠા છે ને સામે ગુલાબનું ભક્તિપુષ્પ પડ્યું છે ! વીરમતી રાજીની રેડ થઈ ગઈ. એને થયું કે પોતાના પુત્રો સંસ્કારી નીવડશે.

વિમળનું વિશ્વ જ અલગ હતું. એને તીરકામઠાં ગમતા, નિશાન તાકવા ગમતા, મસ્તિથી ઘૂમવું ગમતું. એ દિલથી બહાદૂર જવાન હતો, એની ભાષા સૈનિકની હતી: એ તડ ને ફડ કરી જાણતો. ગોળ ગોળ વાત કરવી કે બનાવટ કરવી એ ન જાણે. અજાણ્યાંને મદદ કરવી, પ્રકૃતિને પુરસ્કારતું ગીત ગણગણવું, નદી કિનારે બેસવું-એ વિમળની જિંદગીના ભાગરૂપે હતું.

વિમળ પૂર્વાકાશે કુમકુમવર્ણા કિરણો પથરાય તે પહેલાં નીકળી પડતો. ગાયો

ચરાવતો. ખેડૂતમિત્રો સાથે ખેતી કરતો, મામાનું ખેતર સંભાળતો. નિશાન તાકતો ને હંમેશાં પ્રસન્ન રહેતો.

નેઢ અને વિમળ બન્ને ભાઈઓના શરીર કસાયેલા હતા. સાદી, સ્વચ્છ જિંદગીમાં સંસ્કારની દીપ્તિ પ્રકાશતી હતી.

બન્ને યુવાન થયા હતા.

એક દિવસ સવારનો કૂમળો તડકો એ નાના ગામને પ્રકાશથી છલકાવતો હતો ત્યારે બન્ને ભાઈઓ મામાના ખેતરને હરિયાળુ જોઈને ખુશ થતા હતા. દિવસોની મહેનતનાં કણ અનાજનાં ગાડાઓ ભરાય એવા ડૂંડાઓથી ઊભરાયા હતા. ચોતરફ હરિયાળી લહેરાતી હતી. ધરતીપુત્ર ખેડૂઓનાં ડચકારા ને ડાબલાં ખણકતા હતા: અજાણ્યાં પંખી ને પશુ ઊભા મોલને બગાડી ન જાય !

સુરજ આકાશે માથે આવતો ત્યારે ઘરેથી કોઈક ભાતનો ડબો લઈને આવતું: મધ જેવી મીઠી છાશ, માખણ જેવા રોટલાં ને તમતમતાં મરચા !



બળબળતા બપોરે ખેડૂતો ઝાડની છાયામાં ફાળીયાનું ઓશીકું કરીને આડા પડ્યાં હોય, મલકની વાતો કરતા હોય ને ભાતુ આવે તેની રાહ જોતા હોય! જેવી ભતવારણ ભાતુ લઈને આવે કે સૌ હાથ-મોં ધૂએ, પ્રભુસ્મરણ કરે ને તૂટી પડે ! કકડીને ભૂખ લાગી હોય !

આ રોજનો કાર્યક્રમ હતો.

નેઢ અને વિમળ આમ જ રાહ જોતા હોય : આજે ય એ ભોજનની પ્રતીક્ષામાં હતા. પણ રે ! આજે ઘરની દિશામાંથી કોઈ દેખાતું નહોતું !

અને, આજે તો ભૂખ પણ જબરી લાગી હતી !

પણ કોઈ આવે તો ને !

મધ્યાહ્ન આથમણી કોર મંડરાતો હતો. એવામાં અચાનક પાટણની દિશામાંથી એક બગીને બે ઘોડેસ્વારનો નાનો કાફલો ધૂળ ઊડાડતો ગામભણી ગયો. વિમળે નેજવું કરીને જોયું પણ સમજાયું નહિ કે કોણ હશે ! જે હોય તે, આજે ભૂખ બમણી

લાગી છે ને હજી કોઈ આવ્યું નથી !

સાંજ પડી.

વિમળનો એક મિત્ર ખેતર તરફ દોડતો આવ્યો. એ હાંફતો હતો. કહે, 'વિમળ ! મીઠાઈ ખવરાવવી પડશે !'

વિમળ જ ગુસ્સામાં હતો: 'અહીં અમે જ ભૂખ્યાં બેઠાં છીએ !'

'એનો વાંધો નહિ'... મિત્ર આંબડ હજી અધ્ધર શ્વાસે જ બોલતો હતો: 'ઘરે મહેમાન આવ્યાં છે, તારે મીઠાઈ ખવરાવવી પડશે !'

'ઘરે મહેમાન ?'

'અરે, હા, તારાં માટે ઘરે પાટણથી શ્રીદત્તશેઠના મોકલ્યા મહેમાન આવ્યા છે. એમની દીકરી શ્રીદેવીનું તારી સાથે સગપણ નક્કી કરવા આવ્યાં છે. ઝટ ચાલ ! મા બોલાવે છે !'

વિમળને હવે વાતની ગડ બેઠી.

એને શ્રીદેવી સાંભરી આવી. એ

બાળસખી ! હવે તો યુવતી બની ગઈ હશે ! એનો ભાઈ ચંદ્ર પોતાની સાથે પાઠશાળામાં ભણતો હતો.

શ્રીદત્ત શેઠ પાટણની શોભા જેવા હતા. શ્રીમંત, સંસ્કારી અને શાણપણથી ભરેલા. પાટણનું જૈન મહાજન અને પાટણનાં રાજવીઓ એમની સલાહ લે. સૌને એ ડહાપણથી સાચું કહે ને સૌજન્યથી સાચવે. એમને એક પુત્ર અને એક પુત્રી. શ્રીદેવી અને ચન્દ્ર !

ચન્દ્ર પિતાનો સંસ્કાર વારસો દીપાવે એવો. શ્રીદેવી માતા-પિતાના આશિષના અમૃતપાત્રને પામેલી. રૂપનો ભંડાર અને ગુણનો ભંડાર. શ્રીદત્ત શેઠ હંમેશાં કહે કે એ જ્યાં જશે તે ઘરે સુખનાં દીવા થશે!

શ્રીદત્ત શેઠે પહેલા વિમળ માટે તપાસ કરાવી. એ કુળવાન પરિવાર વિશે તો સૌ જાણતા હતા ને વિમળ તો વળી ધનુર્ધર થયો હતો ! ચન્દ્રનું મન પણ હતું ને શ્રીદેવી પણ સ્વયં એ બાળસખાને વરવા ઝંખતી હતી !

શ્રીદત્ત શેઠને એટલો અણસાર પર્યાપ્ત હતો. એમણે માગું મોકલ્યું.

વીરમતી અને તેના ભાઈએ સૌને આવકાર્યા.

કિંતુ વીરમતીની ચિંતાઓ ફરી ઊભરાઈ. કન્યાનો સ્વીકાર તો કરીએ પણ અવસર ટાણે જોઈતું દ્રવ્ય ક્યાં છે ?

ભાઈએ સધિયારો આપ્યો કે 'બહેન ! આ વરસની ખેતીની આવક સારી થશે એટલે મૂંઝાઈશ નહિ.'

વિમળ અને નેઢ આવી પહોંચ્યા. મા વીરમતીએ શ્રીદેવી માટે પૂછ્યું તો એના યુવાન મુખ પર શરમની કુમાશ ઘેરાઈ ઊઠી.

વીરમતીએ હરખાતે હૈયે માગું સ્વીકાર્યું.

શ્રીદત્ત શેઠે થોડાંક દિવસમાં જ સૌને પાટણ પાછા આવી જવા જણાવ્યું.

વીરમતીને હવે પાટણ જવામાં જોખમ જેવું નહોતું લાગતું. પુત્રો હવે યુવાન થયા હતા ને વળી શ્રીદત્ત શેઠની ઓથ હતી. એ પાટણ તરફ ચાલી નીકળી.

વિમળ અને નેઢને ગામ છોડતાં દુઃખ થતું હતું. અહીં બાળપણ વીત્યું હતું, યુવાનીનાં તોફાન જોયા હતા : કેટલાં દોસ્તો ને કેટલાં

સંસ્મરણ ! એમની આંખમાં ઝળઝળીયા આવી ગયા. મિત્રોને લગ્નમાં તેડાવવાનું એણે વચન આપ્યું, કોઈને નહિ ભૂલે એમ કહ્યું.

પાટણમાં એમણે નાનકડું પણ સુંદર મકાન લીધું ને લગ્નનો અવસર આવ્યો.

મામા આવ્યા, મિત્રો આવ્યા. લગ્ન ધામધૂમથી થયા. શ્રીદત્ત શેઠે છૂટે હાથે ધન વાપર્યું.

થોડાંક વખત પછી નેઢના લગ્ન પણ એક કુળવાન કન્યા સાથે થયા. બન્ને પુત્રો પોતાના સંસારમાં જીવવા લાગ્યા.

માતા વીરમતીની આંખમાં પુત્રોનું સુખ જોઈને સંતોષનું અમી છવાયું.



# પરાક્રમ

અરુણોદયનું આકાશમાં ભામંડળ રચાયું ને પૃથ્વી જાગૃત થઈ ગઈ. એવે વખતે પાટણવાસીઓએ પડહ વાગતો સાંભળ્યો કે આજે દુર્લભ સરોવર પાસે શસ્ત્રસ્પર્ધા યોજાશે, શૂરવીરો પધારે.

પાટણમાં રોમાંચ પ્રસરી રહ્યો.

રાજા ભીમદેવ સ્વયં બાણાવળી હતો. એ પ્રતાપી રાજા હતો. એને આવી સ્પર્ધાઓ વારંવાર યોજવી ગમતી. શૂરવીરોને એ સાચવતો, એમની શક્તિઓને એ રાજનું ધન માનતો, એમને માન આપતો. એ મહાન ગૂર્જર રાષ્ટ્રનો સ્વપ્નદૃષ્ટા હતો.

પાટણના શૂરવીરોએ શસ્ત્રો સજ્યાં.

દુર્લભ સરોવરની પાળ પાસે આખું પાટણ ઊભરાયું.

રાજના મંત્રીઓએ સમુચિત વ્યવસ્થા

કરી. રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠિઓ, સામંતો ને શૂરવીરોને બેસવાનાં સ્થાન ગોઠવ્યા. રાણીઓ અને સન્નારીઓને માટે જુદી જગ્યા ગોઠવાઈ. મધ્યમાં મહારાજા ભીમદેવનું સિંહાસન મંડાયું.

સૌ આવવા લાગ્યા.

એ અનોખી સ્પર્ધા હતી ને અનોખા એ લોકો હતા. શૌર્યનાં ગીત ગાવા સૌ હાજર હતા. સંગ્રામ સેનાપતિ, શ્રેષ્ઠિ શ્રીદત્ત, મહારાજા ભીમદેવના મંત્રીઓ ને ખુદ મહારાજા ભીમ: સૌ હાજર હતા. અનેક શૂરવીરોમાં વિમળ પણ આવ્યો હતો. નેઢ પણ પોતાનાં તીરકામઠાં લેતો આવ્યો હતો. ને એ સૌમાં, દૂર ખૂણેથી અનિમેષ વિમળને તાકતી બેઠી હતી રૂપ-રૂપના અંબાર જેવી શ્રીદેવી, એને વિમળનો વિજય જોવો હતો !

સ્પર્ધાનો પ્રારંભ થયો.

જાતજાતની એ સ્પર્ધામાં મુખ્ય તો એક જ હતી: દુર્લભ સરોવરને સામે કાંઠે વૃક્ષ પર એક માટીનું પંખી બેઠું છે, એની જમણી આંખ બાણથી- વીંધવાની !

શૂરવીરોએ ધનુષ-બાણ હાથમાં લીધાં ને અજમાવ્યા: પણ રે ! કોઈ ન ફાવ્યા.

એ સૌ શરમાતા પાછા વળ્યા.

મહારાજા મલકતા હતા. સૌની એ પરીક્ષા કરતા હતા. કિંતુ જ્યારે કોઈ અચૂક તીરંદાજ ન નીકળ્યો ત્યારે એમના મુખ પર લાલાશ પ્રસરી રહી: 'પાટણમાંથી ધનુર્વિદ્યાનો નાશ થઈ ગયો કે શું ?'

એક ક્ષણ સોપો પડી ગયો.

મહારાજા ભીમદેવના મુખ પર કરડાકી હતી, વ્યથા પણ. ભીમદેવ સિંહાસન પર બેઠા હતા ને ગગનમાં નક્ષત્રોની વચમાં શોભતા ચન્દ્રની જેમ જનગણમાં જાજરમાન દેખાતા હતા. મસ્તક પર શોભતો મુગુટ, સુંદર વસ્ત્રો ને ગળામાં રહેલી મુક્તામાળા-એમના દીદાર પર ભવ્યતાનો ઉમેરો કરતા હતા. એમના મુખ પર વ્યથા છવાઈ હતી. ગૌરવવંતુ પાટણ પોતાનું તેજ ગુમાવી રહ્યું હતું કે શું ?

એમણે ચોપાસ દૃષ્ટિ ઘૂમાવી.

વિમળ એમની સન્મુખ આવી ઊભો: 'રાજન્, મને પંખીની આંખ વીંધવાની અનુમતિ આપશો?'



ભીમદેવની નાખુશી અછાની ન રહી: 'તીર ચલાવતા આવડે છે ?'

વિમળ એ ક્ષણ સમજતો હતો: 'દેવ પરીક્ષા કરી જુઓ.' રાજા ભીમદેવે હામી ભરી.

અને વિમળે નિશાન તાક્યું -એ અચૂક હતું: પંખીની જમણી આંખ વીંધાઈ ગઈ હતી!

દુર્લભ સરોવરના કિનારે હર્ષનાં પોકારો ઊઠ્યા. તાળીનો ગડગડાટ થઈ રહ્યો.

રાજા ભીમદેવ હજી પ્રસન્ન નહોતા: 'જુવાન, તારી ધનુષકળા બતાવ'.

'જી' વિમળ ખુશ થઈ ગયો: 'રાજન્, એક સ્ત્રીને સુવાડવામાં આવે, એના કપાળ પર દસ લીલા પાન મૂકવામાં આવે, અને પછી જે આજ્ઞા કરો તેટલામું પાન વીંધી નાંખીશ !'

'સરસ' રાજાને આ વાત ગમી: 'ત્રીજું પાન !'

અને વિમળે ત્રીજું પાન વીંધ્યું - પેલી સ્ત્રીને કંઈ જાણ પણ ન થઈ !

'હજી કંઈ ?' રાજા શૌર્ય ને શસ્ત્ર-વિદ્યાના પારખા ઝંખતો હતો.

વિમળ તૈયાર હતો: 'હું દુર્લભ સરોવરના સામે કિનારે રહેલા વૃક્ષમાં તીર

ભોંકીશ ને પછી તીરોની આરતી રચીને આપની સ્તુતિ કરીશ.'

'સરસ'.

ને વળતી પળે વિમળે તીર છોડ્યું. થોડીકવારમાં આકાશમાં તીરોનો ગોળાકાર રચાઈ ગયો-જાણે રાજા ભીમદેવનો એ શૌર્યહાર હતો !

રાજા અને પ્રજાની ખુશીને અંત નહોતો. નેઢે પણ શસ્ત્ર વિદ્યાનાં દર્શન કરાવ્યા. રાજાએ બન્ને ભાઈઓને પોતાની પાસે બોલાવ્યા, છાતીએ ઝીલ્યા. એ ક્ષણે જ્યારે એમણે જાણ્યું કે આ તો વીરમંત્રીના પુત્રો છે ત્યારે રાજા ભીમદેવનો આનંદ ક્યાંય ન સમાયો:

'પ્રજાજનો !' એમણે કહ્યું : 'આ બન્ને ભાઈઓ, નેઢ અને વિમળ આપણાં પાટણનાં રત્નો છે. વિમળને હું દંડનાયક બનાવું છું, નેઢ મારાં સલાહકાર મંડળમાં રહેશે. એમની બુદ્ધિપ્રતિભા અને શૌર્યથી ગૂર્જર રાજ્ય સુખી થશે, સમૃદ્ધ થશે.'

ઢળતી સંધ્યાએ રંગછટાથી મહારાજાના વચનોને પુરસ્કૃત કર્યા. પાટણના પ્રજાજનો વિમળ અને નેઢને ઊંચકીને આખી રાત નાચ્યા.

# કર્તવ્ય મહાન

૧

અષ્ટમીનો ચંદ્ર આકાશમાં ચમકતો હતો.

મધ્યરાત્રીની વેળા હતી.

શ્રીદેવી પોતાના વિશાળ ભવનની અગાશીમાં એકાકી ઘૂમતી હતી. હજી વિમળશા રાજકાજથી પરવારીને આવ્યા નહોતા, કિંતુ રાજસભામાંથી આગંતુક ઘટનાઓના સમાચાર આવી પહોંચ્યા હતા ને એણે શ્રીદેવીને ચિંતામાં ડૂબાડી દીધી હતી.

વિમળ અને શ્રીદેવીનો સંસાર સુમધુર હતો. આનંદનો ત્યાં ગુલાલ ઉડતો હતો.

શ્રીદેવીના સૌંદર્યથી વિમળ મુગ્ધ બની ગયો હતો. વિમળ ભવનમાં હોય ત્યારે શ્રીદેવીથી એક ક્ષણ પણ દૂર ન થતો. શ્રીદેવીએ હૃદયની મીઠપથી વિમળને જીતી લીધો હતો.

વિમળશાથી શ્રીદેવી પણ એવી જ પ્રભાવિત હતી. વિમળ એક વીરનર હતો. એ ટેકીલો ને શૂરવીર નવજુવાન હતો. એ સચ્ચાઈથી પ્રેમ કરતો હતો, શ્રીદેવીને સાચવતો પણ હતો: એનો પડ્યો બોલ ઝીલતો. વિમળને એમાં સુખ મળતું.

સુખભર્યા એ સુમધુર દિવસો હતા. એમાં, આજે સાંજ ઢળતી હતી ત્યાં રાજભવનમાંથી એક ખબર આવ્યા ને શ્રીદેવીને ચિંતાસમુદ્રમાં ડૂબાડી દીધી.

સિંધુદેશનો રાજા હમીર સુમરો. બળવાન રાજા. સિંધુ અને તેની આસપાસના પ્રદેશમાં એની ધાક ભારે. ગુજરાત સુધી એના પડઘા પડે.

અને, સિંધુ દેશને કુદરતી રક્ષા પણ હતી. સિંધુ નદી પાંચ પાંચ નદીઓના જળ પીને મદમાતી નવયૌવનાની જેમ હંમેશાં બેફામ વહેતી. ભલભલા તરવૈયા કંપી જાય તેવા તેના મોજાં ઊછળ્યા કરતા. સિંધુના ઘૂમરી લેતા જળના લોઢ માપવા સહેલા નહોતા. એ નદી સિંધુ દેશનું રક્ષણ કરતી.

હમીર સુમરાનું સિંધમાં રાજ ચાલે.



સિંધની આજુબાજુના તમામ રાજાઓને એણે જીતેલા. કેસર મકવાણા જેવાને પણ એણે જીતેલો. એને હરાવીને શિક્ષા કર્યા પછી હમીર સુમરાનું નામ લેતા પણ ભલભલા ભૂપતિઓ ડરતા. હમીર સુમરાની ઉંમર વધી હતી, એ પ્રૌઢીને આરે હતો પણ તોય શૂરવીર રાજા હતો, એની સિંહ જેવી ત્રાડ હજીય ભયંકર હતી !

હમીર સુમરાએ હમણાં જ, અભિમાન-પૂર્વક સિંધની રાજસભામાં જાહેરાત કરી કે 'ભીમદેવની મારી પાસે કોઈ વિસાત નથી!'

આ વેણ પાટણ પહોંચ્યા.

રાજા ભીમદેવ એક સમર્થ રાજા હતો. એણે વળતા કહેણ મોકલ્યું કે 'હમીર ! તારે મારી આણ સ્વીકારવી પડશે.'

પણ આ તો સુમરો હમીર ! એ પોતાના સામર્થ્ય અને સૈન્ય પર મુસ્તાક હતો. એણે સંદેશવાહકને કાઢી મૂક્યો. સુમરાએ કહ્યું કે ભીમદેવ જેવા તો બહુ જોયા ! એને કહેજે કે હમીરને આણમાં રાખવો હોય તો રણમેદાન પર આવે !

બાણાવળી ભીમદેવને આ વાતની

જાણ થઈ ત્યારે એ ક્રોધથી કંપતો હતો. હમીરના વચનો એને પડકાર ફેંકતા હતા. ગુજરાતનું ગૌરવ તૂટવું ન જોઈએ, પાટણની શાન અમર રહેવી જોઈએ : એમણે યુદ્ધ માટે સૌને સાબદા થવાનું કહ્યું.

દંડનાયક વિમળશાને મહારાજાની સાથે જોડાવાની આજ્ઞા થઈ. વિમળશાહ હર્ષભેર તૈયાર હતા. એનું સૈન્ય થનગનતું હતું. એકી અવાજે જાનફેસાની કરે એવા વિમળના સ્વામીભક્ત સૈનિકો હતા એ.

પ્રાત:કાળે પ્રયાણ કરવાનું હતું.

રાજભવનમાંથી એ ખબર વિમળશાના ભવન પર પહોંચી, શ્રીદેવી ચિંતાકુળ બની ગઈ.

એ પોતાના વિશાળ ભવનની અગાશીમાં એકાકી લટાર મારતી હતી. ઘડી એ ચન્દ્રમા ભણી નીરખતી, ઘડી એ ઝડપથી ચાલવા માંડતી ને ઘડીમાં દૂરથી સંભળાતો શસ્ત્રોનો અવાજ એને ભય પ્રેરતો: એની વ્યથા એને જ સમજાતી નહોતી.

હેમંતની એ શીતળ રાત હતી પણ કોઈને ઠંડીનો ચમકારો જ લાગતો નહોતો:

આખું પાટણ પોતાનામાં વ્યસ્ત હતું. યુવાનો શસ્ત્રો સજતા હતા. માતાઓ પુત્રને ભારે હૈયે આશીર્વાદ વરસાવતી હતી. વધૂઓ પોતાના સ્વામીની રક્ષાર્થે ઈષ્ટદેવની ટેક લેતી હતી. ભગિનીઓ વ્હાલા ભાઈઓ માટે આંસુ વહાવતી હતી. ભુલકાંઓ દોડાદોડ કરતા હતા. અશ્વો હણેણાટી બોલાવતા હતા ને હસ્તિરાજોની ચીંઘાડ સંભળાતી હતી: આખું પાટણ અજંપ હતું.

વિમળશા રાજાજ્ઞા લઈને પોતાના ભવન પર પહોંચ્યાં.

શ્રીદેવી અગાશીમાં હતી. વિમળશા ઉપર ગયા.

અષ્ટમીનો ચંદ્ર પૂર્ણરૂપેણ ખીલ્યો હતો. મધરાતની વેળા હતી. શ્રીદેવીને જાણ નહોતી કે વિમળશાહ આવી ગયા છે. એ વ્યાકુળ ઘૂમતી હતી ને એના મુખ પર પ્રસ્વેદબિંદુઓ છવાયા હતા.

વિમળશા નજીક સર્યા: 'કેમ, પ્રિયે ! મૂંઝાયેલી લાગે છે ?'

શ્રીદેવી ચમકી: 'ઓહ ! આવી ગયા ?'

'હા. પણ તું ઉદાસ કેમ છે ?' વિમળ-

શાહને શ્રીદેવી ચિંતિત હોય તે વાત ગમતી નહોતી: 'કંઈ બન્યું છે ?'

'હા.'

'શું ?'

'દેવ ! તમે મને કહો ને, ખરેખર યુદ્ધમાં જવાનું છે ?'

'ઓહ, સમજ્યો,' વિમળશાહે શ્રીદેવીના કપાલ પરનાં બિંદુ લૂછ્યાં: 'વીરપુરુષો યુદ્ધમાં જવા માટે કદી વિચારતા નથી, એ તો પ્રતીક્ષા કરતા હોય છે. તું ચિંતા ન કર, પ્રિયે !'

'મને એમ થાય છે કે...'

'કે...'

'હું મારાં સ્નેહવડે તમને અટકાવું ને વળી થાય છે કે કર્તવ્ય જ મહાન છે. કર્તવ્ય વિસરી જવાથી તો કેટલું ખરાબ થાય ને વળી...'

'અરે ! કર્તવ્યમાં ટકી રહેવું એ જ સાચી સ્નેહમુદ્રા છે: કોઈનો સ્નેહ એવો તો ન જ જોઈએ કે એ કર્તવ્યમાંથી ચલિત કરે...'

'પણ તમે...'

'હા. મોતના મુખમાં જવા કેમ દેવાય એમજ ને ? પ્રિયે ! જીવન પ્રત્યે જેમ આપણને ફરજ છે એમ સમાજ, દેશ, રાષ્ટ્ર પ્રત્યે પણ આપણી કોઈક ફરજ છે: જો આ જગત એમ વિચારવાનું બંધ કરે તો સંબંધની કોઈ દુનિયા જેવું જ ન રહે.'

'ખરું.'

'આ જગતને સ્વાર્થમય નહિ, પરમાર્થમય ઈચ્છવું જોઈએ. પત્ની પતિને, માતા પુત્રને, બહેન ભાઈને કર્તવ્યના ધર્મમાર્ગથી ચલિત કરે તો એમાં સ્નેહ નથી !'

'ખરું. પત્ની પોતાના પતિને કર્તવ્યપંથથી પાછો વાળે તો એ પ્રેમ નહીં, ઘેલછા ગણાશે: હું હવે હસતામુખે વિદાય આપીશ.'

'અને સાચું કહું પ્રિયે ! વીરપુરુષો તો એ દિન ઝંખતા હોય છે કે યુદ્ધમાં જીતીને પાછા વળે ત્યારે પત્ની હાથમાં કુમકુમ લઈને તિલક કરવા ખડી હોય : પુરુષોનું સુખ પ્રિયે ! નિરાશામાં આશા ધબકાવનાર અને દુ:ખના સમયે સુખના માર્ગે ચડાવનાર સ્ત્રીઓ જ હોય છે. અને પછી તો યુદ્ધમાં વિજય હરપળ સંભવ હોય છે.'

'ખરું. દિલ જીત્યા પછી જગત જીતી જ જવાય ને ? પણ એક વિનંતી માનશો ?'

'ઓહ, વિનંતી નહિ, આજ્ઞા: દેવી, તારાથી અધિક મને કોણ પ્રિય છે ?'

'મને સાથે લઈ જાઓ ને !'

'દેવી, તારો વિરહ તો મને પણ કેટલો પીડદ છે ! પણ રાજનું સૂચન છે કે કોઈ સ્ત્રી સાથે ન જોઈએ....'

'જેવી આજ્ઞા.'

વિમળશાહે શ્રીદેવીને નજીક લીધી: શ્રીદેવીએ વિમળશાને પોતાની આગોશમાં ઝીલ્યા.

અષ્ટમીનો ચન્દ્ર પ્રકાશતો હતો. પાટણમાં શસ્ત્રોનો ખણાખણાટ હજીય સંભળાતો હતો.

## ૨

મહારાજા ભીમદેવ, દંડનાયક વિમળ હજારોના સૈન્ય સાથે પંચનદને તીરે પહોચ્યા ત્યારે સિંધુ સમુદ્રની જેમ ઘૂઘવતી ગાંડી બની હતી: ક્ષણવારમાં એનું રૌદ્રરૂપ જોયા પછી

ભીમદેવે નિર્ણય કર્યો સૈન્યને હુકમ કર્યો:

'નદી પર પુલ બાંધો ને આગળ વધો-વિજય આપણો છે !'

એ વચનોએ સૈન્યમાં ઉત્સાહ પ્રેર્યો.

પુલ બંધાયો. સૈન્ય સામે કાંઠે પહોચ્યું.

હમીર સુમરો પોતાના વિરાટ સૈન્ય સાથે ઊભો હતો. એણે યુદ્ધનો શંખ ફૂક્યો.

યુદ્ધ મંડાયું.

પાંચમા દિવસે સવારે હમીર સુમરાના સૈન્યે પીછેહઠ કરી, ત્યારે રાજા ભીમે પ્રચંડ આક્રમણ ઠોકી દીધું.

હમીર સુમરાએ સૈન્યને પાછું વળતું જોઈને પોતાનો અશ્વ ભીમદેવની સામે દોર્યો. એ બળવાન રાજાઓનું યુદ્ધ જોવા સૈનિકો થંભી ગયા.

હમીર સુમરાને ભીમદેવ હંફાવતા હતા. હમીરે ભાલો ફેંક્યો, ભીમદેવે તલવારના એક ઝાટકે એના કાંડા કાપી નાંખ્યા !

હમીર સુમરો તત્ક્ષણ મૃત્યુ પામ્યો હતો.

ભીમદેવનો વિજય થયો. ગુજરાતની એ

મોટી જીત હતી.


વિમળશાહે એ યુદ્ધમાં જબરી કુનેહ બતાવી.

રાજા ભીમદેવ પાછા વળ્યા. માર્ગમાં અનેક રાજાઓને પોતાની આણમાં મૂક્યા.

રાજા ભીમદેવની અને દંડનાયક વિમળની કીર્તિ પતાકા લહેરાઈ રહી. તેઓ પાટણ પહોચ્યા ત્યારે આખું નગર એમનેં આવકારવા ઊભું હતું.

રાજા ભીમદેવ મહાન કહેવાયો. દંડનાયક વિમળ પર અપાર પ્રેમની વર્ષા થઈ રહી.

# રાજ્યના ઝાવા દાવા



ગુજરાતની રાજધાની એ અણહિલપુર-પત્તન, આજનું પાટણ. આખા દેશમાં ગુજરાતની આન અને શાન વધે તેવી ખેવના કરનારાં એ પાટણમાં વસે. મહારાજા ભીમદેવ રાજ કરે, દંડનાયક વિમળ રક્ષા કરે, મંત્રી નેઢ રાજ સંભાળે. પૂરું ગુર્જર નિરાંતની નિંદ્રા માણી શકે એવો એ રુડો સમય.

માનવી અંતે તો તેજ અને તિમિરનું પૂતળું છે. સિંધવિજય પછી સેનાપતિ વિમળની કીર્તિ વધી એમ એની ઈર્ષ્યા કરનારા પણ વધ્યા. જૂઓને, સૂરજની ચઢતી કળા જોઈને ઘુવડ પણ ઈર્ષ્યાથી બળતું નથી ?

એકદા મહારાજા ભીમદેવને રાણીવાસમાં કેટલાંક પડખિયાઓએ ભરમાવ્યા: 'મહારાજ, સાવધાન રહેવા જેવું છે ?' 'શેનાથી સાવધાન રહેવા જેવું છે ?'



'મંત્રી વિમળથી...'

'હેં ?' ભીમદેવ અનિમેષ તાકી રહ્યા : કેમ?'

એની પાસે અપાર સંપત્તિ છે અને વધતી જ જાય છે...'

'એમ ?'

'જી અને એ ક્યારેક...'

'બોલોને, કેમ અટક્યા ?'

'એની મુરાદ રાજ પડાવી લેવાની છે. સંપત્તિ એ વધારે છે. વિમળ સ્વયં અજેય યોદ્ધો છે ને સૈન્ય પર એનો સંપૂર્ણ કાબૂ છે. મહારાજ, અમે તો તમારું હિત જોઈને જીવીએ: સાવધ રહેવું ભલું !'

'મારે એનું મકાન જોવું પડશે.'

'મહારાજ, અવિનય માફ પણ એ મકાનમાં નથી રહેતો, મહેલમાં રહે છે !'

મહારાજા ભીમદેવના કાનમાં એ પળે વિષના વાવેતર થયા. મૂળ તો એ કાચા કાનના ને વાત કહેનારે ગોઠવીને સમજાવી દીધેલા. ભીમદેવ તો ક્યારે સવાર પડે ને સભા ભરાય

ને વિમળમંત્રી મળે ને એના ભવન પર ક્યારે જવાય, એની રાહ જોવા માંડ્યા !

સવાર થઈ.

રાજસભા ભરાઈ.

ભીમદેવે દંડનાયક વિમળને સીધું જ કહ્યું: 'વિમળ, ક્યારેક તો તારું નિવાસસ્થાન બતાવ.'

વિમળે વિનમ્રતાથી હાથ જોડ્યા: 'ઓહ દેવ ! કેટલા દિવસથી આપનું પદાર્પણ મારાં નિવાસે થાય તેમ ઝંખું છું પણ એવો અવસર આવે તેની પ્રતીક્ષામાં હતો. દેવી શ્રીદેવી પણ ઝંખે જ છે: આપ મારે ત્યાં પધારવાનો અનુગ્રહ કરો.'

'એમાં અનુગ્રહ શો ? ચાલો, આજે જ જઈએ.'

'પધારો દેવ !'

મહારાજા ભીમદેવ દંડનાયક વિમળને ત્યાં આવ્યા. સાથે થોડાંક કારભારીઓ હતા. વિમળ અને શ્રીદેવીએ હર્ષભેર સ્વાગત કર્યું. આનંદનો ગુલાલ ઊડી રહ્યો.

દંડનાયક વિમળનું ભવન સુંદર હતું. નાનકડો પણ ઉત્તમ મહેલ હતો એ. સમૃદ્ધિ

તો ત્યાં હતી જ પણ શ્રીદેવીની સુઘડતાએ એ સમૃદ્ધિને નિખારી હતી. વિમળ અને શ્રીદેવીએ રોજેરોજ એ ભવનમાં કલાત્મક ઉમેરણ કરેલાં ને એ કલાકૃતિઓથી મહાલય દેદીપ્યમાન લાગતો હતો. આંગણામાં ઢેલ અને મોર રમતા હતા.

મહારાજા ભીમદેવે ત્યાં ભોજન લીધું, સઘળું જોયું કિંતુ પેલા સાથીના શબ્દો હૃદયપટમાંથી હટતા નહોતા ને ભય પ્રેરતા હતા: 'ક્યારેક એ રાજ પડાવી લેશે.' આ સમૃદ્ધિને જોયા પછી રાજા ભીમદેવ એ વાત મનોમન સાચી માનવા માંડ્યા હતા. રાજભવનમાં એ પાછા વળ્યા ત્યારે એમના પગમાં ઉત્સાહ નહોતો.

રાજા ભીમદેવ તો આ તડ ને આ ફડ કરનારા. એમણે એજ સાથીઓને પૂછ્યું : તમારી વાત તો ખરી લાગે છે. બોલો એને કાઢી મૂકું ?'

'ના. ના.' પડખિયાઓ ચતુર હતા: 'જો જો, એવું કરતા નહિ, આમાં તો સાપ મરે નહીં ને લાઠી ભાંગે નહિ એવું કરાય.'

'કેમ ?'

'અરે અમારા ભોળા રાજા ! સૈન્ય પર એનું સ્વામીત્વ છે ને ક્યાંક એ વિફરી બેસે તો ગરબડ થઈ જાય. ને નગરનું મહાજન પણ વિરોધમાં પડે.'

'તો હવે...'

'ચિંતા ન કરો રાજન્ ! આપણાં પ્રાણીઘરમાં એક તોફાની વાઘ આવ્યો છે. કાલે એને નિર્જન માર્ગ પર છોડી મૂકીએ ને આપે વિમળશાહને નગરરક્ષાર્થે મોકલવા: ઘીના ઠામમાં ઘી પડી રહેશે !'

ફરીવાર રાજા ભીમદેવ સવારની અને સભાની પ્રતીક્ષામાં શયનખંડમાં પોઢ્યા પણ એમની આંખોમાં નિંદ્રા નહોતી, હૃદયમાં જંપ નહોતો.

# આ છોડ્યું પાટણ

૧

પાટણ સંધ્યાનું સ્વાગત કરી રહ્યું હતું. કુળવધૂઓ દીપકનો ઉજાસ પ્રગટાવીને સંધ્યા સલૂણી બનાવતી હતી.

મહારાજા ભીમદેવ, દંડનાયક વિમળશાહ અને થોડાંક સૈનિકો સાયંભ્રમણ અર્થે નીકળ્યા હતા.

નગર શાંત હતું, સુખની એ નિરાપદ વેળા હતી.

એવામાં ત્યાં બૂમ પડી : ભાગો, ભાગો !

કોઈને કંઈ સમજાયું નહિ પરંતુ ત્યાં ફરીથી અવાજ આવ્યો: નાસો, નાસો, પાંજરામાંથી વાઘ નાઠો છે, ભાગો !

મહારાજા ભીમદેવે એ સાંભળ્યું ને એ હબક ખાઈ ગયા: 'અરે કોઈ દોડો ! વાઘ કોઈને મારી નાંખશે !'

દંડનાયક વિમળશાહ એ ક્ષણે કૂદી પડ્યા-મહારાજાનો પોકાર એમને મન આજ્ઞા હતી.

ચોપાસ નાસભાગ મચી હતી, સૌને જીવ વહાલો હતો. બીજાની રક્ષાની વાત કોઈને સાંભરતી નહોતી.

ઝવેરીવાડાના ઊભા માર્ગે વનનો રાજા વાઘ નાસી આવતો હતો. પુરો સાત હાથ લાંબો ને વિકરાળ આંખોવાળો વાઘ હતો એ. ઊભા માર્ગે સૂનકાર છવાઈ ગયો હતો. વાઘના માર્ગમાં કોઈ નહોતું ને એ ગાંડો થઈને ભાગતો હતો.

વાઘના રસ્તામાં અચાનક વિમળશાહ પ્રકટ થતા હોય એમ આવી ઊભા.

વનના રાજાએ એમને જોયા. એ એક પળ ઊભો રહી ગયો ને બીજી પળે ત્રાટક્યો.

કિંતુ વિમળશાહ સાવધ હતા. એમણે વાઘની વિકરાળ મોંફાડમાં હાથ પર ખેસ લપેટીને ખોસી દીધો, ને એના ગળે બાઝી પડ્યા.

વાઘે ઘણી ધમપછાડ કરી પણ મચક આપે તો એ વિમળશાહ શેના ?

વિમળશાહે વાઘને ન છોડ્યો. એની ગરદન પર ભીંસ વધારીને પોતાનો હાથ સેરવી લીધો ને પછી એને પાંજરામાં ખેંચી ગયા.

વનના રાજા વાઘને જાણે નગરના રાજા વિમળે પાંજરે પૂર્યો. વનના રાજાની ત્રાડો ગાજી રહી.

મહારાજા ભીમદેવ માટે આ અકલ્પ્ય ઘટના હતી. પણ છેવટ એ ભોળા રાજા હતા.

એમણે વિમળશાહની હૃદયપૂર્વક પ્રશંસા કરી, શાલ ઓઢાડી.

નગરજનોમાં હર્ષનું પૂર આવ્યું. સૈન્ય પોતાના સેનાધિપતિના પરાક્રમથી ઘેલું બની ગયું.

શ્રીદેવીને પોતાનો પતિ કેવો વીર છે એના સ્મરણમાંજ અનેરું સુખ મળતું હતું. વિમળશાહને આંગણામાં આવકાર્યા ત્યારે એનાં નેત્રોમાં ઝળઝળીયા આવી ગયા



હતા. કુમકુમના તિલકથી વધાવીને એણે પતિના ઓવારણાં લીધા !

મહારાજા ભીમદેવના પેલા મળતીયા-ઓના દુ:ખને સીમા નહોતી. પણ એ હાર્યા નહિ, એમણે બીજો પેંતરો યોજી લીધો.

૨

સરસ્વતી નદીના જળ વહેતા હતા.

સૂરજના કંકુવરણા કિરણો ફૂટચા, ધરતી સોનલવરણી બની ગઈ.

કલાકારો, શૂરવીરો ને સામંતોથી શોભતા મહારાજા ભીમદેવની પાટણમાં રાજસભા ભરાઈ છે. મહારાજા, મંત્રીઓ, દંડનાયકો ને પ્રજાજનો યથાસ્થાને બેઠા છે.

મહારાજા ભીમદેવ વિમળશાહ ભણી નજર માંડે છે ને એમને મનમાં કંઈ કંઈ થાય છે.

અલકમલકની વાતો થઈ રહી છે.

પાટણની એ રાજસભામાં આજે અણધાર્યો એક મલ્લ આવી ચડ્યો આવતા જ એણે લલકાર કર્યો:

'અરે રાજા ! છે કોઈ મરદમૂછાળો ભડવીર કે જે મારી સાથે બાથ ભીડે ?'

એણે બાવડા પર પંજો ઠોક્યો: જાણે કોઈ પહાડ ફાટતો હોય એવો અવાજ થયો !

મહારાજા અને સૌ એના ભણી તાકી રહ્યા. મહારાજાએ સૌ પ્રત્યે દ્રષ્ટિપાત કર્યો: એક શૂરવીર મલ્લ આગળ આવ્યો.

બે મલ્લો ટકરાયા-જાણે પહાડ સાથે પહાડ અફળાય તેવું દશ્ય હતું એ.

પણ બે જ પળ ! પાટણનો મલ્લ હાર્યો.

બીજો મલ્લ આગળ આવ્યો.

એના પણ એજ હાલ !

સૌ સ્તબ્ધ હતા. આગંતુક મલ્લે અટ્ટહાસ્ય કર્યું: 'છે કોઈ મરદ બાકી હવે ? તો એના પણ અરમાન પુરાં કરી દઈએ !'

કોઈ આગળ ન આવ્યું.

સૌના મસ્તક શરમથી ઝૂકતા હતા.

મહારાજા ભીમદેવે સર્વત્ર જોયું- એ જ ક્ષણે દંડનાયક વિમળશાહ ઊભા થયા: 'દેવ! હુકમ કરો.'

'હુકમ તો આપું પણ આ મલ્લ યુદ્ધ છે.'

'જી'. વિમળશાહે તત્ક્ષણ ઝૂકાવ્યું.

વિમળશાહ નરવીર સેનાપતિ હતા પણ એ દેખાતા તો સાવ પાતળા ! મલ્લ એક હાથી જેવો યોદ્ધો ને વિમળશાહ તો સાવ નાજુક લાગે એની સામે !

કિન્તુ વિમળશાહે અવનવા દાવ પર દાવ ખેલવા માંડ્યા. મલ્લને થોડી ક્ષણો રમાડતા હોય એમ ઝઝૂમ્યા ને પછી જમીન પર પટકીને એની છાતી પર એ ચડી બેઠા- સૌ ફાટી આંખે જોઈ રહ્યા.

મલ્લ હાર્યો.

વિમળશાહનો એ વિજય પાટણનો વિજય હોય એમ ત્યાં હર્ષનાં પડઘા પડ્યા. ભોળા મહારાજા ભીમદેવે વિમળશાહનો સત્કાર કર્યો ને મોંઘા ઈનામ આપ્યા.

મહારાજા ભીમદેવની પાછળ બેઠેલા પડખિયાઓના મુખ પર કાળી શાહી ઢોળાઈ ગઈ હોય તેવું થયું. આ તો એમનું કાવત્રું હતું. એમનો બીજો દાવ નિષ્ફળ ગયો હતો!

૩

રાજમહેલના કાંગરા પરથી રાજા ભીમદેવ શાંત વહેતી સરસ્વતી નદીના જળ નિહાળતા હતા. એમના હૃદયમાં મૂંઝવણ ઊભરાતી હતી. વિમળમંત્રીનું શૌર્ય એમને દઝાડતું હતું, સાથીઓના કાવતરાં એળે ગયા હતા.

કારભારી મંડળે નવો માર્ગ શોધી કાઢ્યો, સાપ મરે નહીં ને લાઠી ભાંગે નહિ એવો. એમણે મહારાજાને સૂચવ્યું કે વિમળશાહના પિતાના સમયનું રાજનું લેણૂં બાકી બતાવીએ, વિમળશાહ ભરવાનો ઈન્કાર કરશે એટલે સજા કરવી. એ સજા દેશનિકાલ હોય એટલે ટાઢે પાણીએ ખસ જશે !

રાજા ભીમદેવે પૂછ્યું: 'કિંતુ રાજના ચોપડામાં લેણૂં બોલે છે ખરું ?'

'હા.' મળતીઆઓ ઓછા નહોતા: 'બધી વ્યવસ્થા પાકી કરવામાં આવી છે !'

અને ભોળા ભીમદેવે ભરી સભામાં દંડનાયક વિમળશાહને કહ્યું કે, 'વિમળ ! તારે રાજના પંચાવન લાખ રૂપિયા દેવાના બાકી છે !'

'હોય નહિ !' વિમળશાહ પોતાના આસન પરથી ઊભા થઈ ગયા: 'રાજન્, એ જૂઠ છે !'

ભીમદેવ શીખવેલું બોલતા હતા: 'તો દંડનાયક ! શું રાજના ચોપડા ખોટા ?'

વિમળશાહની આંખે અંધારા આવ્યા. એમણે જાણ્યું કે આ તો પોતાના પિતાના સમયની વાત સંભારવામાં આવે છે ત્યારે એમનું માથું ભમવા માંડ્યું. એ રકમ તો એમણે ભરી આપી હતી. નક્કી આ તો અપમાન કરવાનું કાવતરુ ! હવે એમને બધી ઘટનાઓ સાંભરવા માંડી. મલ્લ યુદ્ધ કે વાઘનું નાસી છૂટવું-એમને હવે ઊંડી રાજની કપટનીતિના કાળા ઓછાયા દેખાયા. એ મૌનમુખ ઘરે પહોચ્યા. એ હતાશ હતા.

શ્રીદેવીએ સહધર્મચારિણીને શોભે તેમ વિમળશાહને કહ્યું: 'દેવ ! જ્યાં વિશ્વાસ કે કદરનો અભાવ હોય ત્યાં રહેવું નહિ. ચાલો, અન્યત્ર જતા રહીએ.

દંડનાયક વિમળ અને શ્રીદેવીએ પાટણ ત્યાગની તૈયારી આદરી.

પાટણના નગરજનોએ આ સઘળું

જાણ્યું ત્યારે વિરોધવંટોળ ઊઠ્યો. પાટણનું સૈન્ય ઊગ્ર બની ગયું. મહારાજા ભીમદેવના વિશ્વાસુ સાથી સામંતસિંહે રાજના વલણની ભારે ટીકા કરી. રાણીવાસમાંથી વિરોધના સૂર ઊઠ્યા. પાટણવાસીઓ વિમળશાહ સાથે નીકળી જવા તૈયાર થઈ ગયા.

રાજા ભીમદેવ મૂંઝાયા.

એમણે તત્ક્ષણ મંત્રીમંડળને તેડ્યું. સૌની સલાહ લીધી. મંત્રીમંડળે શાણપણથી કામ લેવા કહ્યું. એમણે સૂચવ્યું કે 'ચંદ્રાવતીનો રાજા ધંધુક માથા ભારે થયો છે. ખંડણી ભરતો નથી. એને જીતવા વિમળશાહ જાય એમ કહો અને પછી વ્યવસ્થા જાળવવા કાયમ ત્યાં જ રહે: ઘીના ઠામમાં ઘી પડી રહેશે !'

મહારાજાએ વિમળશાહને બોલાવ્યા.

વિમળશાહના મુખ પર ઊલ્લાસ નહોતો.

મહારાજાએ એમને ધીમી સૂરે સમજાવ્યા: 'દંડનાયક ! જ્યારે મેં રાજના લેણાની વાત કરી ત્યારે હું બીજી જ મૂંઝવણમાં હતો. ચંદ્રાવતીનો રાજા ધંધુક આડો ફાટ્યો છે. ખંડણી આપતો નથી.

એને કાબૂમાં રાખવો જોઈએ. શું કરીશું ?'

'સૈન્ય મોકલો.'

'પણ લઈને કોણ જાય ?'

'મને આજ્ઞા આપો.'

મહારાજા ભીમદેવ હર્ષથી ઊછળી પડ્યા ! એમણે આજ્ઞા આપી.

દંડનાયક વિમળશા અને શ્રીદેવીએ ચુનંદા સૈનિકો સાથે એક વહેલી સવારે પાટણ છોડ્યું ત્યારે સૌની આંખ અશ્રુભીની હતી. વિમળશાહ કાયમ માટે પાટણ છોડતા હતા ને પાટણવાસીઓ પોતાનું સ્વજન જઈ રહ્યાંનો આઘાત અનુભવતા હતા. ઈર્ષ્યાની એક ચિનગારીએ પાટણની કીર્તિ પર કલંક ચોડી દીધું.

સરસ્વતી નદીના વહેતા જળ આ ઘટનાના વેદનાભર્યા સાક્ષી બની રહ્યા.

૪

દંડનાયક વિમળશાહની સાથેજ ઘોડેસ્વારી કરતી શ્રીદેવી આજે ઉલ્લાસમાં હતી. આટલા વર્ષોમાં પળેપળ પતિ-પત્ની


પહેલીવાર સાથે રહેતા હતા. કોઈ પહાડની છાયામાં વિમળશાહના ખભા પર એ માથું ટેકવીને સૂતી ત્યારે વિમળશાહે કહ્યું,

'દેવી ! કેવી સુંદર વેળા છે ! તારું ફાટ ફાટ થતું સૌંદર્ય ને આવી પર્વતની છાયા: શું જોઈએ બીજું ?'

શ્રીદેવી મરકી રહી. એ આ પ્રેમને માણતી હતી.

એ ક્ષણે દૂરથી કોઈ બાળકનો અવાજ આવ્યો ને એનો પડઘો બન્નેના ચિત્તમાં એકસરખો પડ્યો: હજી આપણને શેર માટીની ખોટ છે !

દંપતી આકાશભણી જોઈ રહ્યું.



# દેરું, દીકરો નહીં

વીર વિમળશાહ ચંદ્રાવતી પહોચ્યા ત્યારે એમને વિના યુદ્ધે વિજય મળ્યો. ચંદ્રવતીનો રાજા ધંધુક, બળીયો તો ખરો પણ વધારે તો અભિમાની. રાજા ધંધુક અને ચંદ્રાવતીના સૈન્યને જાણ થઈ કે રાજા ભીમદેવ વતી લડવા સ્વયં દંડનાયક વિમળશાહ આવી રહ્યા છે ત્યારે સૌ ગભરાયા. વિમળશાને યુદ્ધના મેદાનમાં પડકારવા, એ આસાન નહોતું.

દંડનાયક વિમળે ચંદ્રાવતીના પાદરમાં પડાવ નાંખ્યો. કિંતુ પ્રતિકાર ન થયો. એમણે નગર પ્રવેશ કર્યો. સર્વત્ર સૂનકાર હતો. રાજમહેલના દ્વાર પાસે ચંદ્રાવતીના સૈનિકો ઊભા હતા, એમણે પોતાના શસ્ત્રો વિમળશાહના ચરણમાં મૂકીને શરણાગતિ સ્વીકારી.

ચંદ્રાવતીનો રાજા ધંધુક નાસી ગયો હતો.

વિમળે મહારાજ ભીમદેવની જય પોકારી રાજભવન પર સોલંકી ધ્વજ લહેરાવ્યો. આ વાવડ પાટણ પહોચ્યા ત્યારે રાજા ભીમદેવને પોતાની અવળમતિ સમજાઈ: એમને વિમળશાહની વફાદારીનો હવે ખ્યાલ આવ્યો. એમણે વિમળશાને ચંદ્રાવતીના મંત્રી નિમ્યા. શાલ-દૂશાલાની ભેટ મોકલી.

વિમળશાહ અને શ્રીદેવીએ હવે કાયમ ચંદ્રાવતીમાં વસવાટ કર્યો.

મંત્રી વિમળ રાજા ધંધુકને સન્માન ભેર પાછા લઈ આવ્યા, તેને રાજ સોંપ્યું.

ગિરિરાજ આબુની પૂર્વછાયામાં ચંદ્રાવતી વસેલું. નાનકડું પણ સુંદર નગર. ધમધોકાર વેપાર ચાલે. પ્રામાણિક અને નીતિમાન વેપારીઓ ત્યાં વસે.

વિમળ મંત્રીએ ચંદ્રાવતીની રોનક બદલી નાંખી. સુંદર માર્ગો બનાવ્યા, ઉત્તમ જળાશયો તૈયાર કરાવ્યા, મોટી પાંચશાળો બાંધી: પાઠશાળાઓ, મંદિરો અને ધર્માલયોથી ચંદ્રાવતી શોભતું કર્યું.

આચાર્ય ધર્મઘોષસૂરિજી ચંદ્રાવતી પધાર્યા. પ્રતાપી અને પુણ્યશાળી જૈન સૂરિ. તપસ્વી,

ચારિત્ર્યસંપન્ન અને ગીતાર્થ જૈનાચાર્ય હતા એ. વિમળ મંત્રીએ એમને ચંદ્રાવતીમાં ચાતુર્માસ માટે રોક્યા. રોજ એમનું પ્રવચન સાંભળે. આત્મકલ્યાણની એ ધર્મકથા શ્રવીને વિમળશાહ અને શ્રીદેવી પ્રસન્નતા અનુભવે.

ચંદ્રાવતીમાં વિમળમંત્રી અને શ્રીદેવીની જોડીના વખાણ થાય. સારસ-સારસીની જોડી જેવું એમનું જીવન. સર્વ વાતે સુખી એ દંપતીને એક શેર માટીની ખોટ ! શ્રીદેવી હંમેશાં રતન જેવા દીકરાની ઝંખના સેવે, પણ એ પૂર્ણ થાયજ નહિ !

એકદા શ્રીદેવીએ વિમળમંત્રીને કહ્યું,

'દેવ ! આપણા કુળદેવી અંબિકાદેવી છે. તમે એમની સાધના કરો ને ! દેવી અંબિકા પ્રસન્ન થાય તો આપણને કુળદીપક મળે !'

વિમળમંત્રીનેએવાતસ્પર્શી. એમણેઆબુના પહાડ પર અંબિકાદેવીની સાધના કરીને ફળી પણ ખરી. દેવી અંબિકાએ પ્રસન્ન થઈ કહ્યું,

'વિમળ ! તારા નસીબ અનેરાં છે. તું બેમાંથી એક વસ્તુ માગ કાં દેરું, કાં દીકરો! સારું એ તારું !

વિમળ મૂંઝાયો. ક્ષણાર્ધ વિચારીને કહ્યું,



'મા, મારી પત્નીને પૂછીને કાલે વરદાન માગું તો ?'

આકાશમાંથી અવાજ આવ્યો: 'તથાસ્તુ.'

બીજે દિવસે શ્રીદેવી સ્વયં વિમળમંત્રી સાથે વરદાન માગવા આબુ આવી. પહાડનું આકરું ચઢાણ ને ગરમીની વેળા. બન્નેને તરસ લાગી હતી, એટલે એક સરોવર પાસે આવ્યા. પાણીથી ખોબો ભર્યો ત્યાં દૂરથી અવાજ આવ્યો: 'થોભો.'

બન્ને ચમક્યાં એ સૂરથી. એમણે દૂર નજર માંડી તો એક કિશોર દોડતો આવતો હતો. વિમળે પૂછ્યું: 'તમે કંઈ કહેતા હતા?'

'હા', એ કિશોર હાંફતો હતો: 'તમે પાણી પછી પીજો, પહેલા દામ ચૂકવો.'

'પાણીના દામ ?'

'હા.'

'પણ સરોવરનું જળ સૌ માટે હોય છે. એના દામ લેવાય ?'

'હા લેવાય !' એ કિશોરના ચહેરા પર નૂર નહોતું: 'મારા પિતાને પૈસા ઉડાવતા આવડતું હતું એટલે સરોવર બનાવ્યું ને અમારે ભીખ માગવાના દિવસો

આવ્યા છે, એટલે પાણીના પૈસા લઈએ છીએ ! પહેલા પૈસા, પછી પાણી: લાવો.'

અને, વિમળમંત્રીએ તથા શ્રીદેવીએ તત્ક્ષણ નિર્ણય કરી લીધો કે મા અંબિકા પાસે અમે દેરું માગીશું, દીકરો નહિ ! દીકરો મેળવ્યા પછી એ આવો પાકે તો શું સુખ મળે ?

એમણે એમજ કર્યું.

આકાશમાંથી પુન: અવાજ આવ્યો: 'તથાસ્તુ.'

વિમળમંત્રીએ અને શ્રીદેવીએ આચાર્ય ધર્મઘોષસૂરિજીને આ વાત વિગતે કહી અને માર્ગદર્શન કરવા વિનંતી કરી.

આચાર્યશ્રીએ કહ્યું: 'ભદ્રે ! કોઈ તીર્થનો ઉદ્ધાર કરાવો. મહાપુણ્યનું કામ છે.'

'ક્યાં તીર્થનો ઉદ્ધાર કરાવીએ ?'

આચાર્યશ્રીએ કહ્યું: 'આ નજીકમાં રહેલા ગિરિવર આબુ ઉપર પહેલા જિનમંદિરો હતા. હજીય અવશેષ છે. એ જ તીર્થ પર અમર મંદિરનું નિર્માણ કરો.'

'જેવી આજ્ઞા.'

દંપતીએ હસ્તદ્વય જોડ્યા.

એ પળ ઈતિહાસ સર્જનારી પળ બની રહી.

# ભક્તિની વિરાટ ઊંચાઈ



૧

ઉત્તુંગ ગિરિરાજ આબુની નયનરમ્ય સવાર દંડનાયક વિમળશાહ અને શ્રીદેવીને શાતા આપતી હતી. બે દિવસથી બન્ને આબુની ટોચે આવી પહોચ્યા હતા. આચાર્યશ્રી ધર્મઘોષસૂરિજી પણ પધાર્યા હતા. સેવકગણ પણ હાજર હતો.

આબુ વિપુલ હરિયાળી અને નાનકડાં સરોવરથી વ્યાપ્ત હતો. ફૂલોની સુગંધ અને પંખીઓના કલરવની વચમાં આચાર્યશ્રી ધંર્મઘોષસૂરિજીએ કહ્યું કે, 'અહીં સેંકડો વર્ષો પૂર્વે મંદિરો હતા, ભગવાન જિનેશ્વરદેવના દર્શન માટે ભક્તજનો આવતા ને આત્મ-કલ્યાણ પામતા. કાળનો ક્રમ નિરાળો છે: એ મંદિરોનો ધ્વંસ થયો, ત્યાં ઝાડ ઉગી નીકળ્યા. એ તીર્થ હવે પુનઃ નિર્માણ પામે એવું કરો.'

જૈન મુનિનો ધર્મ પ્રેરણાનો, એનું પાલન ગૃહસ્થો કરે.



દંડનાયક વિમળશાહે હામી ભણી. તત્કાળ મહારાજા ભીમદેવની આજ્ઞા મંગાવવામાં આવી. એમણે સહર્ષ 'હા' કહી. મોટાભાઈ મંત્રીવર નેઢને પણ વિમળશાહે પૂછાવી લીધું. માતા તો સ્વર્ગે સંચરી હતી. વિમળશાહે તેને મનોમન સંભારીને પ્રણામ કર્યા. વિવેકભર્યા એ વર્તનથી સૌના આશીર્વાદ સાંપડ્યા.

આજે તેઓ જમીન પસંદ કરવા આવ્યા હતા.

આબુ પર રહેતા પૂજારીઓ આવી પહોચ્યા. જમીનના એજ માલિક હતા.

પવનની પાતળી સપાટી સાથે ઊંચે ઊડતા પાલવને પકડીને ઊભેલી શ્રીદેવીની ખુશીને અંત નહોતો: 'દેવ, આ નાનકડી ટેકરી સરસ છે. અહીં જ મંદિર નિર્માણ કરીએ.'

ગુરુજનોએ એમાં મૂક સંમતિ ભણી.

દંડનાયક વિમળે કહ્યું: 'શ્રી, આ જમીન જેમની છે એમને બદલામાં શું આપીશું ?'

'એમ કરીએ', શ્રીદેવીના હૃદયમાં

ભાવનાના ઓઘ ઊછળતા હતા: 'આપણે જમીન પર સોનામહોર પાથરી દઈએ.'

'એનો વાંધો નહિ, પણ આપણી સોનામહોર ગોળ છે.' વિમળશાહ પણ અંતરથી પડઘો પાડતા હતા: 'એમાં ખાલી જગા રહે તો સૌને ઓછું મળે ને ! આપણે ચોરસ સોનામહોર ઘડાવીએ ને પાથરી દઈએ ને એ જમીનમાલિકો લઈ જાય !'

પૂજારીઓ એ વાત ભાવવિભોર થઈ સાંભળી રહ્યા: આ તો કેવી નિરવધિ ઉદારતા ! કેવી અપૂર્વ ધર્મભાવના !

આચાર્યશ્રીએ પણ ભાવનાભીની એ ક્ષણોને વધાવતા કહ્યું:

'મંદિરનું નિર્માણ એ મહાન ધર્મલાભ છે. રુડા ભાવ ભાવીને એ કાર્ય કરજો, એ જ આત્મકલ્યાણ કરશે.

આબુની ટોચે ઊભેલા એ દંપતીએ આટલું જ કહ્યું:

'ગુરુવર ! શ્રી દેવગુરુની અમ પર કૃપા હો: પ્રતિપળ અમારી ધર્મભાવના વર્ધમાન હો!'

ફૂલોની મનભર સુગંધ ત્યાં વહી રહી.

૨

દંડનાયક વિમળશાહે એક મહાન શિલ્પી કીર્તિધરને શોધી કાઢ્યો. એ શિલ્પશાસ્ત્રોનો જ્ઞાતા હતો, એની અંગૂલિઓમાં કળા રમતી. વિમળશાહે એને કહ્યું કે, 'અહીં કારીગરો કામ કરશે ને જેટલી પત્થરની ટૂકડીઓ નીચે પડશે, એના ભારોભાર હું ચાંદી આપીશ! અજોડ કળામય મંદિરનું સર્જન કરો. એ યુગાંતરો સુધી અમર રહેવું જોઈએ!'

કીર્તિધર મહાન શિલ્પી હતો. એણે હામી ભણી.

એ ઘડીમાં ઘૂમતો, ઘડીમાં સુનમુન બેસી રહેતો: ઘડીઓ પર્યંત આકાશને અપલક તાક્યા કરતો. ધરતી પર આંગળીથી રેખા પાડ્યા કરતો ને બીજી પળે ઝનૂનપૂર્વક કામે લાગતો. ધસમસતી નદીના પ્રવાહથી ય વધારે ઝડપે નાણાં ખર્ચાતા હતા: કીર્તિધર કહેતો કે આ ઉદારતાનો પડઘો અપૂર્વ કળાના સર્જનથી જ પાડી શકાય.

વિમળમંત્રી વારંવાર ત્યાં આવતા, સૌના ક્ષેમકુશળ સાચવતા.

શ્રીદેવીના તો પગજ ધરતી પર નહોતા. એ પ્રતિદિન પહાડ પર આવતી. ભીતરની ભાવનાનું તેજ એના મુખ પર છવાયું હતું. સૌ કારીગરો એને દેવી માનતા, 'મા' કહીને આદર આપતા.

મહાન શિલ્પી કીર્તિધર અખંડ સમય કાર્યરત રહેતો. નહોતું ખાવાનું ઠેકાણું કે નહોતું પીવાનું ઠેકાણું. એ ભમ્યા કરતો. મંદિરનું નિર્માણ એની ધૂન બની ગઈ હતી.

એ વાત શ્રીદેવીએ જાણી ત્યારે એ કીર્તિધરને વઢી પડી: 'કિર્તિધરજી નિરાંતે ભોજન તો કરો !

'એટલી વેળા જ ક્યાં છે ?' કીર્તિધર વાત કરતા કરતા ય વિચારે ચઢી જતો: 'આ મંદિરનું કાર્ય સંપન્ન થઈ જાય પછી ભોજન ક્યાં નથી ?'

'એમ ન ચાલે.' શ્રીદેવીએ કહ્યું: 'કાલથી તમારું ભોજન હું લાવીશ.'

શ્રીદેવી કીર્તિધરનું મન સમજતી હતી. એ ભોજન લાવતી, એને પુત્રને જમાડતી હોય તેમ જમાડતી પણ કીર્તિધર એની

ધૂનમાં મસ્ત રહેતો. એકદા શ્રીદેવીએ ભોજનમાં નમક જ ન નાંખ્યું, એ જોવા માટે કે કીર્તિધર શું કહે છે ? કિંતુ કીર્તિધરે ભોજન તો આરોગ્યું પણ એને પોતાની ધૂનમાં સ્વાદની ક્યાં જાણ હતી કે એ શ્રીદેવીને કશી ફરિયાદ કરે ?

શ્રીદેવીની આંખમાં એ પળે આંસુ ડોકાઈ ગયા: 'કીર્તિધર, તારી કળા આ મંદિરને જરુર અમર બનાવશે !'

'નહિ મા ! તમારો અને વિમળશાહનો મહાન ત્યાગ આ મંદિરને અમર બનાવશે: તમે મા અંબિકા પાસે દીકરો નહિ, દેરું માંગ્યું હતું-ભક્તિની કેવી એ વિરાટ ઊંચાઈ!'

એ શબ્દોમાં નર્યું સત્ય ઝળહળતું હતું.

# વિમલવસહી

વિ. સં.૧૦૮૮ (ઈસ્વી.સં. ૧૦૩૧) નું વર્ષ ચાલે છે. મંત્રી વિમળશાહ અને ભક્તિશાલિન્યા શ્રીદેવીની મંદિર-નિર્માણની અખંડ સાધના હજી ચાલે છે.

ગિરિરાજ આબુ પર વિ. સં. ૧૦૭૪ (ઈસ્વીસન્ ૧૦૧૬) ના શુભ ચોઘડિયે એ મંદિર નિર્માણ પ્રારંભાયું છે. એ વાતને આજે ૧૪ વર્ષના વહાણાં વાયા છે. મંદિરના નિર્માતા વિમળશાહ કે શિલ્પી કીર્તિધર: કોઈ થાકતા નથી. ભક્તિ-ભાવનાભરી એ તપશ્ચર્યા અખંડ છે. હવે જલદી જલદી યુગાદિદેવ શ્રી આદિનાથની પ્રતિષ્ઠા કરાવવાના સૌને કોડ છે.

આ ૧૪ વર્ષમાં અનેક ધૂપ-છાંવ સૌને જોવા મળ્યા. પણ રે ! આવા રુડા કામમાં વળી પીછેહઠ કેવી ? સેંકડો હાથીઓ પોતાની પીઠ પર ભાર ઝીલીને

સંગેમરમરના વિશાળ પત્થરો ઊંચા આબુ પર ચઢાવે છે. હજારો કારીગરો, હજારો મજૂરો એમાં દિન-રાત મંડી પડ્યાં છે.

વિમળમંત્રી ત્યાંથી હટતા નથી. શ્રીદેવી તો કેટલીવાર ચંદ્રાવતી અને આબુની ટોચની વચમાં ઘૂમી-એનું એને કંઈ યાદ જ નથી !

હમેશાં પંદરસો કારીગર, બે હજાર મજૂરો ત્યાં કામ કરે છે. ખચ્ચરો, ઘોડાઓ, ઊંટો, હાથીઓ તો પાર વિનાના છે. દરેક માણસને એક સળગતી સગડી રોજ આપી રાખવામાં આવે છે: આ તો આબુની ઠંડી ! ૧૪૦ ફૂટ લાંબા અને ૯૦ ફૂટ પહોળા એ મંદિરમાં શિલ્પી કીર્તિધરે જીવંત કલાકૃતિઓ સર્જી છે.

ભગવાન આદિનાથના ભવ એમાં આલેખાયા છે. રાજકુમાર નેમનાથની બારાત, રાજીમતીની વેદના ને પશુઓના ચિત્કારના ત્યાં દૃશ્યો છે. શોભાયમાન સ્તંભો રચાયા છે ને તેમાં અષ્ટમંગળ, આંબાની પર્ણવેલ, પ્રભુની પ્રતિમા મૂકાયાં છે. મનહર નૃત્યભંગીઓમાં સજ્જ દેવીઓ અને ચામરનૃત્ય કરતા દેવો એમાં છે.



પૂતળીઓની નજાકત એમાં સજીવન હોવાનો ભાસ કરાવે છે.

સંગેમરમરના આરસપહાણના એ કમલદલ જોયા પછી એને સ્પર્શવાનું મન થતું નથી- રખે ક્યાંક એ કરમાઈ ન જાય! એવા અનોખા એ કમળ છે.

તીર્થંકરની માતા, તીર્થંકર મહાવીરની બાલક્રીડા, સાધ્વી ચંદના અને ગણધર ગૌતમસ્વામી વગેરે પણ અહીં છે. કોઈ વહાણવટીયાએ ભક્તિનો થાળ પ્રભુને સમર્પિત કર્યો છે તેવું દૃશ્ય પણ અહીં છે. શિલ્પી કીર્તિધરે શ્રેષ્ઠ કોતરણી નિખારી છે.

એકદા સુંદર વેળાએ કીર્તિધરે વિમળમંત્રી અને શ્રીદેવીને કહ્યું:

'મંત્રીશ્વર ! ગુરુજનોને આમંત્રણ પાઠવો અને રુડી પ્રતિષ્ઠાના મુહુર્ત કઢાવો: આનંદના અવસરની વેળા આવી છે !'

દંપતીના નેત્રોમાં હર્ષાશ્રુ છવાયા: એમના આનંદને સીમા નહોતી.

પ્રતિષ્ઠા નિમિત્તે આચાર્યદેવશ્રી ધર્મઘોષ સૂરિજી પધાર્યા. સાથે સેંકડો સાધુઓ અને

સાધ્વીજીઓ પધાર્યા. હજારો શ્રાવકો-શ્રાવિકાઓ આવ્યા. પાટણપતિ મહારાજા ભીમદેવ અને મોટાભાઈ મંત્રી નેઢ પણ આવ્યા છે. આકાશમાંથી બારે મેઘ ખાંગા થયા હોય એમ વિમળમંત્રી ધન વેરે છે. મંદિર નિર્માણમાં કુલ ૧૮ ક્રોડ ૫૩ લાખ રૂપિયા વપરાયા છે. કિંતુ જે પળની પ્રતીક્ષા હતી તે આવી પહોચી છે ને તેની સામે આ ધનની વિમળમંત્રીને કોઈ વિસાત નથી!

દેશેદેશથી લોકો ઉમટ્યા છે. જે એ જિનમંદિર જૂએ છે તે સુખદ આશ્ચર્યમાં ડૂબી જાય છે. બોલે છે: અદ્ભુત ! એક અનોખું કળામય જિનમંદિર નિહાળ્યાની આહ્લાદક અનુભુતિ સૌના અંતરમાં રમ્યાં કરે છે.

વિ.સં. ૧૦૮૮ના શુભમુહૂર્તે ભગવાન ઋષભદેવની ત્યાં પ્રતિષ્ઠા થઈ.

સર્વત્ર આનંદ પ્રસર્યો. આકાશમાંથી અમી છાંટણાં થયા.

આબુ પર પ્રતિદિન ભક્તજનો દર્શનાર્થે આવવા માંડ્યા.

મંત્રી વિમળશાહ અને શ્રીદેવીના અંતસ્તલમાં ધર્મના ભક્તિભર્યા સંતોષની ધૂપસળી જલી રહી. શિલ્પી કીર્તિધરે એ મહાન મંદિરનું નિર્માણ કર્યા પછી હવે કોઈ શિલ્પકૃતિ ન સર્જવાની પ્રતિજ્ઞા લીધી.

જૈન ઈતિહાસનું એ ભારતવર્ષને કીર્તિ બક્ષતું અમર કાર્ય આજેય છે. આબુ પર દેલવાડાનાં મંદિરોની મહાનશ્રેણીમાં એ 'વિમળવસહીં' ના નામે વિખ્યાત છે. હજારો ભક્તજનો ત્યાં આવે છે ને આત્મશ્રેયની મંગળ વરમાળ પામે છે !

# દયાનો કુંભ કે કીર્તિકળશ?

કલ્પવૃક્ષની શીતળ છાયા તો કોણે જાણી છે અને કોણે માણી છે, પણ ધર્મકાર્યની સંપન્નતામાંથી સાંપડતી તૃપ્તિ કલ્પવૃક્ષ જેવી મીઠી છાયા આપે છે.

મા ધરતીના ખોળે યુગેયુગે ઈતિહાસ રચનારા માનવીઓ પાકે છે. મંત્રીશ્વર વિમળ અને શ્રીદેવી એવાજ માનવીઓ હતા.

મંત્રી વિમળ અને શ્રીદેવીનો આત્મા પરમસુખ અનુભવતો હતો. આબુના શિખરે ઊંચે લહેરાતી એ જિનમંદિરની ધ્વજા બન્ને નિહાળતા અને એમને પરમ તૃપ્તિ મળતી.

પ્રત્યેક જીવનને અંત હોય છે. મંત્રી વિમળ ને શ્રીદેવી એ અંતને મહાન બનાવે તેવું જીવન જીવવા માંડ્યા હતા.

ક્રોડો રૂપિયાની સંપત્તિ વાપર્યા પછી પણ એમણે ધર્મકાર્યો ચાલુ જ રાખ્યા. આબુમાં


જિનમંદિર રચ્યા પછી આરાસણમાં એમણે નવું જિનમંદિર બનાવરાવ્યું, કુંભારિયાજીમાં પણ જિનમંદિરનું નિર્માણ કર્યું.

જિનભક્તિ આત્માને પાવન બનાવે છે, ક્યારેક પરમાત્મા બનાવે છે. આ મહાન માનવીઓની એજ શ્રદ્ધા હતી. એમણે ઉપાશ્રયો બાંધ્યા. પંખીઓ માટે ચણ નાંખી, પરબો બાંધી. અતિથિ-અભ્યાગતની હંમેશાં સેવા કરી. ચંદ્રાવતી-નગરીમાં પણ જિનમંદિર બાંધ્યું. એ નગરીને વધુ સોહામણી બનાવી.

જીવનભર જૈનધર્મનો જયકાર થાય તેવી પ્રવૃત્તિઓ કરી.

પ્રત્યેક જીવનને કદીક તો અંત હોય છે: પ્રત્યેક જીવનને મૃત્યુનો નાટારંભ સાંભળવો જ પડે છે. કિંતુ આશ્ચર્યની ઘટના જૂઓ: આ મહાન દંપતીના મૃત્યુનો ઉલ્લેખ ઈતિહાસના પાને ક્યાંય નથી !

કિન્તુ કાળને પેલે પાર જે દૃષ્ટિપાત કરે તે કવિ હોય છે. એક મનોરમ દૃશ્ય મારી આંખ સામે આવું તરે છે:





પ્રાતઃકાળની વેળા હશે. પંખીઓ કલરવ કરતા હશે.

ગિરિરાજ આબુ ઉપર એ ભક્તિમય દંપતી પરમાત્મા આદિનાથની જિનપૂજા કરવા ગયું હશે. અષ્ટપ્રકારી પૂજા કરતાં પોતાના અષ્ટકર્મનો ક્ષય થાઓ તેવી મંગળભાવના એમણે ભાવી હશે.

પરમાત્માના દરબારમાં બેસીને મધુરકંઠે પ્રભુસ્તુતિ ગાઈ હશે. મંત્રીશ્વર વિમળ અને મહાન શ્રીદેવી હસ્તદ્વયમાં પૂજાનો થાળ લઈને એ વિખ્યાત 'વિમળવસહી' મંદિરના પ્રાંગણમાં આવ્યા હશે ને પુન: પ્રભુ પ્રત્યે પ્રણામ કરીને આટલીજ પ્રાર્થના કરી હશે: 'પ્રભુ અમને ય તમારા જેવા બનાવજો.'

ને એમણે એક સાથે નેત્રો બીડી દીધા હશે!

એ ક્ષણે મૃત્યુને ય એમણે જીતી લીધું હશે !

૨

ભારતવર્ષના મહાન માનવીઓમાં જૈનશાસના જે નામો ચમકે છે તેમાંના આ બે મંત્રીશ્વર વિમળ અને શ્રીદેવીની ભક્તિનો સૂર એ 'વિમળવસહી' મંદિરમાં આજેય સંભળાય છે. જે ભક્તિભર્યા હૃદયથી એ સાંભળે છે તે ધન્ય બને છે.

### પ્રશસ્તિ

આરાસણિ ઉઘાડઉ ખાણિ, નીપાઉ તેહને પાખાણિ ।
જોતરીઆ રહકલ સંચઈ, બલદ વઈઠા ફૂલેર ચરઈ ॥૨૫૮॥
કીજઈ સબલા નાહર દોર, કીજઈ જણ જે જાણઈ જોર ॥
આરાસણથી ઉંચા ચડઈ, પાહણ રુષામૂલિ પડઈ ॥૨૫૯॥
માંડ્યા મંડપ નઈ થિર થંભ, ઘડી પૂતલી રૂપિ રંભ ।
ઘાટપાટ તોરણ કોરણી,દંડ કલસ વતપતિ ધજ ઘણી ॥૨૬૦॥
દીપઈ દેહરી તણા ઝમાલ, આગલિ ચુક રચિઉ ચુ-સાલ ।
સેત્રુંજ અષ્ટાપદ ગિરનાર, તેહ તણા મંડ્યા અવતાર ॥૨૬૧॥
નેઢા વેઢા વંધવ જોડિ તેહ તણા સુતનઈ થયુ કોડ
દશરથ નામ પ્રસિદ્ધઉં જેઅ. વિમલ તણઉ ભત્રીજઉ તેએ ॥ ૨૬૨॥
હસ્તશાલ જે આગલિ ઘડી, વિમલ-મૂરતિ જે ઘોડઈ ચડી ।
હરખિ ધન ખરચિઉં આપણઉં,એ કરણી ભત્રીજા તણઉ॥૨૬૩॥
નાચ ગીત નાટક નવરંગિ, થાનકિ થાનકિ મૂરતિ ચંગ ।
કુસુમ કુલિ ઊતરઈ અનેક, વારુ વાડી તણા વવેક ॥૨૬૪॥
વિમલમંત્રિ મનિ ઉલટ ઘણું વિસ્તર કરઈ પ્રતિષ્ઠા તણઉ ।
લોક લક્ષ આવઈ અભિરામ, ધર્મ્મઘોષસૂરી તેડ્યા તામ ॥૨૬૫॥

### વસ્તુ

વિમલ-વસહી વિમલ-વસહી, વિમલ-પ્રાસાદ।
પિત્તલ ભાર અઢાર સમ, આદિનાથ પ્રતિમા પ્રસિદ્ધ ।
સંવત દશ અઠ્યાસીઈ વર, પ્રતિષ્ઠા શુભ લગનઈ કિદ્ધી ।
દંડ કલસ ધજ લહિલહઈ, ઉછવ મેરુ સમાન,
મૂલ નાયક થિર થાપીઆ, જિમ ઉદ્ધઆચલ ભાણ ॥૨૬૬॥

### ચુપઈ

વિમલ મનો(ર)થ ચડ્યા પ્રમાણ,
વંદિણ્ બોલઈ મંગલ વાણિ।
સંઘલોક પહિરાવિઉ સહૂ,
મહીઅલિ ઉછવ કીધા બહુ ॥ ૨૬૭ ॥
મેરુ સરીસુ મંડઈ વાદ,
ઈંદ્રભવનિ અધિકુ પ્રાસાદ ।

જોતાં ચિંત ન મેલ્હણ જાઈ,
આવઈ ઉલટ અંગિ ન માઈ ॥૨૬૮॥
અર્બુદ-શિખિર અનોપમ કીધ,
તેડી સંઘ ભલામણ દિધ ।
ગામ તણા કીધા ગ્રાસીઆ,
પોરુઆડ પાસઈ વાસીઆ ॥ ૨૬૯॥
આદિ જનમ કલ્યાણિક સણઉ,
ચૈત્ર અંધારી આઠમિ ગણઉ।
તહીંઈ જિનવર પૂજા હતા
પૂજારા પામઈ કણહતા ॥ ૨૭૦॥
આજ લગઈ તે ચાલઈ રીતિ,
અમરખ કોઈ ન આણઈ ચીતિ ।
તીરથ વાલિઉં વિમલ પ્રધાનિ,
સહૂ સંતોખ મનાવિઉં દાનિ ॥૨૭૧॥
મુંડઈ મુંડઈ વાધિઉ વ્યાપ,
ચિહુ દશિ અર્બુદ ચડિઉ પ્રતાપ।
લૂણગ-વસહીના જૂજૂઆ,
એ પ્રાસાદ પછઈ સવિ હૂઆ ॥૨૭૨॥
સંઘ લોક વલીઉ પરિવાર,
સાથિ ધર્મ્મઘોષ ગણધાર ।
હરખિઉં વિમલ ચંદ્રાવઈ-ધણી,
પાછા આવ્યા મંદિર ભણી ॥ ૨૭૩ ॥
માગત લોકે માગિઉં દૂઉ,
કરમી કલ્પવૃક્ષ તવ હૂઉ।
કરઈ રાગ તે લીલવિલાસ, ચિંતામણિ પરિ પૂરઈ આસ
॥૨૭૪॥

(કવિ લાવણ્યસમય કૃત 'વિમળપ્રબંધ', પૃ૦ ૨૦૪થી ૨૦૭ પ્રકા. ગુજરાત સાહિત્યસભા, સં. ૧૯૬૫)



શ્રી વાત્સલ્યદીપ